સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

શુક્રવાર, તા.૧૫-૧૧-૨૦૨૪

### અમરેલીના ચિતલ રોડ પર આવેલી ખ્યાતનામ હોસ્પિટલની ઘોર બેદરકારી સામે આવી

# મહિલાનું ઓપરેશન કર્યા બાદ તબીબો પેટમાં 'પીન' ભુલી ગયા


તસવીર : પ્રતિકારમક

અમરેલી,તા.૧૪

ડોક્ટર ઓપરેશન દરમિયાન દર્દીના પેટમાં જ 'પીન' ભૂલી જાય તેવી ઘટના ફિલ્મોમાં જોવા મળે છે પરંતુ આવી જ એક ઘટના થોડા સમય પહેલા અમરેલીના ચિતલ રોડ પર આવેલી એક હોસ્પિટલમાં નોંધાઈ હતી. સાવરકુંડલાની એક મહિલા ગર્ભાશયની કોથળીની સારવાર માટે ૨૦૨૧માં એક હોસ્પિટલમાં દાખલ થયેલ. દર્દીનું ડોક્ટરે ઓપરેશન તો કર્યું હતું પણ ઓપરેશન બાદ 'પીન' પેટમાં રહી ગઈ હતી. ત્રણ વર્ષ સુધી મહીલાએ પેટમાં દુઃખાવો સહન કર્યા બાદ અન્ય હોસ્પિટલમાં પેટનો એક્સ-રે કરવામાં આવતા પેટમાં 'પીન' હોવાનું સામે આવતા મહિલાના પરિવારજનો ચોંકી ઉઠયા હતા. તાજેતરમાં જ અમદાવાદની મલ્ટીસ્પેશ્યાલીસ્ટ ખ્યાતિ હોસ્પિટલમાં બેદરકારીને કારણે બે દર્દીઓના મોતના સમાચાર તાજા છે ત્યારે સાવરકુંડલામાં નેસડી રોડ પર રહેતા એક ગરીબ મહિલાને ગર્ભાશયની કોથળીનું ઓપરેશન કરવાનું હોય જેથી અમરેલીમાં ચિતલ રોડ પર આવેલી એક હોસ્પિટલમાં ત્રણ વર્ષ પહેલા દાખલ થઈ હતી અને ડોકટરોએ ઓપરેશન કરી નાખ્યુ હતું. ઓપરેશન બાદ મહિલા પોતાના ઘરે ગયા બાદ થોડા દિવસો પછી પેટમાં સતત દુઃખાવો થતો હોવાથી મહિલાએ આ દુઃખાવો ત્રણ વર્ષ સહન કર્યા બાદ પરિવારજનોને વાત કરી હતી. જેથી મહિલા અને તેના પરિવારજનો અન્ય હોસ્પિટલમાં ગયા હતા. જયાં મહિલાએ પેટમાં દુઃખાવાની ફરિયાદ કરી હતી. જેથી ડોકટરે મહિલાના પેટનો એક્સ-રે કરાવતા પેટમાં 'પીન' હોવાનું સામે આવતા મહિલાના પરિવારજનો ચોંકી ઉઠયા હતા. મહિલાના પેટનો દુઃખાવો મટાડવા માટે ફરી ઓપરેશન કરવામાં આવ્યું હતું અને પેટમાંથી 'પીન' કાઢવામાં આવી હતી.

**હોસ્પિટલના સંચાલકોએ સમાધાન કર્યું**

સાવરકુંડલાના ગરીબ પરિવારની મહિલાને ગર્ભાશયની કોથળીનું ઓપરેશન કર્યા બાદ પેટમાં 'પીન' રહી ગઈ હોવાની ઘટના સામે આવતા હોસ્પિટલના સંચાલકો દ્વારા મહિલાના પરિવારજનો સાથે વહીવટ કરી સમાધાન કર્યુ હોવાની વિગતો મળી છે. આવી ગંભીર બેદરકારી દાખવનારા તબીબો સામે પોલીસ ફરિયાદ થાય તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.

**બેદરકારી બદલ હોસ્પિટલ સામે કાર્યવાહીની માંગ**

અમરેલીના ચિતલ રોડ પર આવેલી એક ખ્યાતનામ હોસ્પિટલમાં મહિલાના પેટમાં 'પીન' ભુલાઈ જવાની ઘટના તાજેતરમાં નોંધાઈ છે ત્યારે આવી ઘટનામાં મહિલાનો જીવ પણ જતો રહે તેવી બેદરકારી ડોકટરોએ દાખવી છે. હોસ્પિટલમાં દર્દીઓ વિશ્વાસ સાથે ઓપરેશન કે સારવાર અર્થે દાખલ થતા હોય ત્યારે તબીબો આવી ગંભીર બેદરકારી દાખવતા હોય ત્યારે આવી ગંભીર બેદરકારી બદલ હોસ્પિટલ સામે આરોગ્ય વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યાં છે.

**જવાબદારોએ માફામાફી કરી હોવાનું સામે આવ્યું**

સાવરકુંડલાની મહિલાનું ગર્ભાશયની કોથળીનું ઓપરેશન કર્યા બાદ પેટમાં 'પીન' રહી ગઈ હોવાનું સામે આવતા તબીબોએ મહિલાના પરિવારજનો સમક્ષ માફા-માફી કરી હોવાનું જાણવા મળ્યુ છે. દર્દીઓ જેને ભગવાન પછીનો દરજ્જો આપે છે તેવા ડોકટરોને દર્દીઓના જીવની કંઈ જ કિંમત ન હોય તેમ ઓપરેશનમાં બેદરકારી દાખવી રહ્યાં છે. પેટમાં આખી 'પીન' ભુલી જઈ તબીબોએ પોતાની અણઆવડતનો પરિચય આપ્યો છે.

## અમરેલીમાં નિઃશૂલ્ક નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન

**કેમ્પમાં જરૂરીયાતમંદ ૪૯ દર્દીઓએ લાભ લીધો**

અમરેલી, તા.૧૪

અમરેલી મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી અને સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે ગુરુવારે મોઢ મહાજન વાડી ખાતે જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ નિઃશૂલ્ક નેત્ર નિદાન અને નેત્રમણિ આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડો. પલકબેન મોદી, રાજુભાઈ પરીખ, પંકજભાઈ ગાંગડિયા, કિર્તીભાઈ ભટ્ટ, સંજયભાઈ પરીખ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. આ કેમ્પમાં કુલ ૪૯ દર્દીઓએ લાભ લીધેલ હતો. આ કેમ્પ એક વર્ષ સુધી દર મહિનાના બીજા ગુરુવારે યોજાશે.



## લીલીયામાં વર્ષો જુની ગટરની સમસ્યાથી લોકો ત્રાહિમામ, નિરાકરણની માંગ

લીલીયા, તા.૧૪

લીલીયા મોટા ગામમાં ગટરનો પ્રશ્ન વર્ષોથી છે. વેપારીઓ, રાહદારીઓ, વિદ્યાર્થીઓ, મુસાફરો આ સમસ્યાથી ત્રાહિમામ પોકારી ગયા છે. ગામ લોકો નર્કની યાતના ભોગવી રહ્યા છે. તંત્રમાં અનેક રજૂઆતો કરવા છતાં કોઈ પણ પ્રકારની કામગીરી થતી નથી. ભૂગર્ભ ગટરના રૂપિયા દસ કરોડ મંજૂર થયેલ છે. ત્રણ વાર ટેન્ડર પ્રક્રિયા કરેલ ત્યારે માંડ માંડ એક કોન્ટ્રાકટર આવેલ છે. તા.૮-૫-૨૦૨૪ નો વર્ક ઓર્ડર મળેલ છે તેવું જાણવા મળેલ છે પરંતુ કોઈ પ્રકારનું કામકાજ શરૂ કરેલ નથી. કામકાજ કેમ શરૂ થતુ નથી ? અથવા સરકાર દ્વારા ખોટા વાયદા કરવામાં આવે છે. જો દિન-૧૦ માં કોઈ નકકર કામગીરી કરવામાં નહી આવે તો જિલ્લા કોંગ્રેસ મહામંત્રી નીતિનભાઈ ત્રિવેદી સહિત કોંગ્રેસ સમિતિ દ્વારા આંદોલનનો માર્ગ લેવામાં આવશે. ૧૦ દિવસ બાદ મામલતદાર કચેરી સામે ઉપવાસ આંદોલન કરાશે. તે પછી પણ કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો ગામ લોકોનો સહકાર લઈને ગટર બુરવાની કામગીરી કરાશે.



## બાબરામાંથી પાંચ શકુની ઝડપાયા

બાબરા, તા.૧૪

બાબરામાંથી પોલીસે પાંચ શકુનીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રોકડા ૧૦,૩૦૦ મળી આવ્યા હતા. અશરફભાઈ રહેમાનભાઈ પરમાર, સમીરભાઈ રહીમભાઈ ઉર્ફે ગમાભાઈ મેતર, રફીકભાઈ અલારખભાઈ મેતર, નીશારભાઈ કાદરભાઈ મેતર તથા સાબીરભાઈ હનીફભાઈ સૈયદ હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં ઝડપાયા હતા.

## રાજુલામાં મંજૂર થયેલી DY.S.P ઓફિસ શરૂ કરવા લોકોની માંગ

રાજુલા, તા.૧૪

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૫ જેટલી નવી ડીવાયએસપી ઓફિસો મંજૂર થઈ હતી, જે લાંબા સમય સુધી ભરવામાં આવી ન હતી. તાજેતરમાં હૈદરાબાદથી ટ્રેનિંગ લઈને નવા આવેલા આઈપીએસ અધિકારીઓની નિમણૂક નવી નવ જેટલી કચેરીઓમાં કરવામાં આવી હતી. આ નવી કચેરીઓ રાજુલા અને ધારીમાં પણ મંજૂર થઈ હતી. તેમાંથી ધારીમાં નવા ડીવાયએસપીની નિમણૂક થઈ ગઈ છે ત્યારે રાજુલામાં આવી નિમણૂક આપવામાં આવી નથી. ધારી તાલુકો નાનો હોવા છતાં ત્યાં જગ્યા ભરાઈ ગઈ ત્યારે આ વિસ્તારમાં છેવાડાનો તાલુકો રાજુલા ઔદ્યોગિક વિસ્તાર છે, દરિયા કિનારો હોવાથી વર્ષો પહેલા સરકેશ્વર પાઠોડામાં દાણચોરીનો માલ પણ ઉતરતો હતો. થોડા વર્ષો પહેલા વિદેશી વ્યક્તિ પણ પોર્ટમાં ઘૂસી આવ્યો હતો અને દેશ-વિદેશના જહાજો પણ આવે છે. રાજુલાથી સાવરકુંડલા ૫૦ કિલોમીટર દૂર છે ઉપરાંત જાફરાબાદ, મરીન પીપાવાવ, મરીન નાગેશ્રી, રાજુલા ટાઉન ડુંગર પોલીસ સ્ટેશન, ખાંભા પોલીસ સ્ટેશન સહિત પોલીસ સ્ટેશન માટે રાજુલા ડીવાયએસપીની કચેરીની ખાસ જરૂર છે. તેમજ અહીં દરિયા કિનારો પણ નજીક છે તેમ જ અહીં કોસ્ટગાર્ડ ડીવાયએસપી, કસ્ટમ કમિશનર, નેવી ડીવાયએસપી, એસઆરપી ડીવાયએસપી, દરિયાઈ પોલીસ કમાન્ડો જેવા અહીં હાલ પાંચ ડીવાયએસપી કાર્યરત છે. આથી રાજુલામાંની સુરક્ષા મજબૂત થાય અને લોકોને કામ માટે સાવરકુંડલા ન જવું પડે છે તે માટે મંજૂર થયેલી છે તે ડીવાયએસપી કચેરી તાત્કાલિક શરૂ કરવી જોઈએ તેવી માગણી લોકો કરી રહ્યા છે. રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા દ્વારા આ જગ્યા ભરવા ગૃહ ખાતા, ધારાસભ્ય, ડીજી સહિતને રજૂઆત થઈ છે. રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચિરાગભાઈ જોશી જણાવે છે કે ડીવાયએસપીની કચેરી અહીંયા હોય તો લોકોને સાવરકુંડલા જવાબ લખાવવા કે રજૂઆતનું કામ હોય તો સમય અને પૈસા બંનેની બચત થઈ શકે.

## તરકતળાવ ગામમાં રામદેવપીર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

અમરેલી, તા.૧૪



અમરેલી તાલુકાના તરકતળાવ ગામે રામદેવપીર મંદિરમાં ત્રણ દિવસનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. મંદિરમાં મૂર્તિદાતા મનસુખભાઈ સાંગાણી અને સંદીપભાઈ સાંગાણી હતા. તેમ જ મુખ્ય યજમાન પદે નિકુંજભાઈ સાંગાણી તથા ઘનશ્યામભાઈ દેવાણી હતા. તરકતળાવ ગામના સમસ્ત દેવાણી પરિવાર સહયજમાન તરીકે રહ્યા હતા. આ અવસરે ૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુ ગાદી ચુડા સોરઠના મહંત શ્રી ગોવિંદદાસ બાપુની ખાસ ઉપસ્થિતિમાં આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞના મુખ્ય આચાર્ય હરિ અદા મહેતા જેતપુરવાળા હતા. મુખ્ય મહેમાન તરીકે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસ સુધી સમસ્ત ગામમાં જમણવાર કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તરકતળાવ ગામ, દેવાણી પરિવાર અને સાંગાણી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. સ્ટેજ સંચાલનની જવાબદારી કલ્પેશભાઈ બોરડે સંભાળી હતી.

## લીલીયાના આંબા ગામે રક્તદાન કેમ્પ યોજાયો

લીલીયા, તા.૧૪



તસવીર : ભરત વિંઝુડા

લીલીયા તાલુકાના આંબા ગામમાં દેવચંદભાઈ માધવજીભાઈ સાવજ દ્વારા આયોજિત સાવજ પરિવારની વાડીમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત સાવજ પરિવારે સ્નેહ અને ઉત્સાહથી રક્તદાન કર્યું હતું. પરિવારના અગ્રણી દેવચંદભાઈ માધવજીભાઈ સાવજ, કિશોરભાઈ દેવચંદભાઈ સાવજ, જિજ્ઞેશભાઈ સાવજ, હસમુખભાઈ સાવજની ઉપસ્થિતિમાં આ કેમ્પનું આયોજન કરાયું હતું. સાથે સાથે આંબા ગામે ભવ્ય તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૨૪ બોટલ રક્ત એકત્ર થયેલ. આ તકે તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એ. સિદ્ધપુરા, ભરત વિંઝુડા, એન.આર. વેકરીયા, જયેશભાઈ ગરણીયા, વાસીત્રીબેન દેવમુરારી અને વર્કર હાજર રહ્યા હતા.

## વડિયાથી બાટવા દેવળીના ખરાબ રસ્તાનું ખાતમુર્હૂત ક્યારે થશે?

અમરેલી, તા.૧૪


તસવીર : કિરીટ જોટવા

અમરેલી જિલ્લાના વડિયાથી ગોંડલ, રાજકોટ જવાનો મુખ્ય માર્ગ છેલ્લા ત્રણ વર્ષથી અતિ બિસ્માર હાલતમાં છે. રસ્તામાં મોટા મોટા ખાડામાંથી વાહનચાલકો, ખેડૂતો અને લોકો પસાર થતા હોવાથી છેલ્લા બે વર્ષમાં અહીં અનેક અકસ્માતો થયા છે. ચોમાસાની ઋતુમાં પણ અકસ્માતથી રસ્તો ચક્કા જામ થયો હતો ત્યારે સતત ત્રણ વર્ષથી આ બિસ્માર રસ્તા પર પસાર થઈ યાતના ભોગવતા લોકોએ સોશ્યલ મીડિયા અને પ્રેસ મીડિયા દ્વારા અનેકવાર આ બાબતે રાજકીય નેતાઓ અને તંત્રનું ધ્યાન દોર્યું હતું. આમ છતાં રસ્તાનું કામ શરૂ કરવામાં ન આવતા લોકોમાં રોષ ફેલાયો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

જિલ્લાના ડેપોમાં નવા એટીઆઈની નિમણૂંક કરવામાં આવી

# બગસરા ડેપોમાં ATIની જગ્યા ખાલી, કોઈ આવવા તૈયાર નથી

**એટીઆઈના કામમાં અમુક કર્મચારીઓ માથું મારતા હોવાની ફરિયાદ**

બગસરા,તા.૧૪

અમરેલી એસ.ટી. ડિવિઝનમાં એટીઆઈની પરીક્ષા લેવાયા બાદ પાસ થયેલા કર્મચારીઓને એટીઆઈનો હોદ્દો આપવામાં આવતા મોટાભાગના બસ સ્ટેશનમાં એટીઆઈની જગ્યા ભરવામાં આવી છે પરંતુ બગસરા ડેપોમાં હજુ સુધી એટીઆઈની જગ્યા ખાલી હોવાથી ડ્યુટી લીસ્ટ બનાવવા જેવી મહત્વની કામગીરી ડેપો મેનેજરના શીરે આવી હોવાથી એસ.ટી.ના મહત્વના કામો ખોરંભે ચડે તેવી સંભાવના સેવાઈ રહી છે. તાજેતરમાં એટીઆઈની પરીક્ષાનું પરીણામ જાહેર થયા બાદ પાસ થયેલા ડ્રાઈવરોને એટીઆઈનું પ્રમોશન આપવામાં આવ્યું છે. એટીઆઈને પ્રમોશન આપવામાં આવતા મોટાભાગના બસ સ્ટેશનોમાં એટીઆઈની જગ્યા ભરવામાં આવતા વહીવટી કામમાં સરળતા થઈ છે પરંતુ બગસરા ડેપોમાં હજુ પણ એટીઆઈની જગ્યા ખાલી છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ડેપોના અમુક કર્મચારીઓ ભુતકાળમાં એટીઆઈની કામગીરીમાં માથું મારતા હોવાથી બગસરા ડેપોમાં કોઈ એટીઆઈ આવવા તૈયાર નથી તો અમુક કર્મચારીઓને લાંબા રૂટમાં નોકરી ફાળવવામાં આવે તો તેઓ રજા પર ઉતરી જાય કે ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરતા હોવાનું પણ જાણવા મળ્યુ છે. હાલ તો એટીઆઈની કામગીરી ડેપો મેનેજરના શીરે આવી ગઈ છે. ડ્યુટી લીસ્ટની કામગીરી ડેપો મેનેજરને કરવી પડતી હોવાથી ડેપોના અન્ય પ્રશ્નોનુ નિરાકરણ આવતુ નથી. ડેપોમાં વહીવટી સરળતા ખાતર તાત્કાલિક એટીઆઈની નિમણૂંક કરવામાં આવે અને મુસાફરોના હિતને બદલે પોતાના હિતનું વિચારનારા કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# બાબરા પંથકની તરૂણીનું અપહરણ કરનારને ત્રણ વર્ષની કેદની સજા

અમરેલી,તા.૧૪

બાબરા પંથકમાં રહેતી એક ૧૧ વર્ષની તરૂણી ગત તા.૧૩-૬-૧૮ ના રોજ સાંજના સાતેક વાગ્યે અમરાપરા ગામે સ્વામિનારાયણ મંદિર પાસેથી જતી હતી. ત્યારે ગઢડા તાલુકાના મેઘવાડિયા ગામે રહેતો આરોપી કલ્પેશ ધીરૂભાઈ મકવાણા તથા તેમની સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોરે આ ભોગ બનનાર તરૂણીને લગ્ન બાહ્ય શરીર સંબંધ બાંધવાના ઈરાદાથી તેણી સગીર વયની હોવાનું જાણવા છતાં તેણીનું અપહરણ કરી, પોતાના હવાલાવાળા મોટર સાયકલમાં અપહરણ કરી લઈ જતા હતા. ત્યારે આ તરૂણી રડતી હોય ત્યારે તે જ ગામે રહેતા લાભુભાઈ મોહનભાઈ પાંભર આ તરૂણીને જોઈ જતાં આરોપીઓનું મોટર સાયકલ ઉભું રખાવતા આરોપીઓ ભોગ બનનાર તરૂણીને મૂકી મોટર સાયકલ ઉપર નાસી ગયા હતા. આ કેસમાં તરૂણીના પિતાએ મેઘવાડીયા ગામના આરોપી કલ્પેશ ધીરૂ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. કોર્ટમાં સરકારી વકીલની ધારદાર દલીલોને કારણે આરોપી કલ્પેશ ધીરૂ મકવાણાને ત્રણ વર્ષની સજા અને રૂા.૧૦ હજારનો પોક્સો કોર્ટે દંડ ફટકાર્યો છે.

# વઢેરા નજીક વરૂડી માતાના મંદિરે ભવ્ય તુલસી વિવાહ

જાફરાબાદ,તા.૧૪

જાફરાબાદના દરિયા કિનારે અને વઢેરાથી નજીક આવેલ વરૂડી માતાના મંદિરે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જાફરાબાદના કડીયાળી ગામેથી ઠાકોરજીની જાન આવી હતી. કડીયાળી ગામથી આ જાન સાત-આઠ શણગારેલા અશ્વ સાથે ઠાકોરજીના રથ સાથે આવી હતી. ઠાકોરજીની જાનને રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના ફાર્મ હાઉસ ખાતે ઉતારો આપવામાં આવ્યો હતો. ધારાસભ્ય દ્વારા તુલસી માતાની દરેક ગોયણી( કુમારિકાઓ)ને ભેટ આપવામાં આવી હતી. વર પક્ષે બાબુભાઈ ભાભાભાઈ મકવાણાએ ઠાકોરજીને આનંદ અને ઉલ્લાસ સાથે સમસ્ત ગામની સાથે રહી અને તુલસીજી સાથે લગ્ન મંડપમાં લાવ્યા હતા. કન્યા પક્ષે વઢેરા ગામના આગેવાન અને એસએમસી અધ્યક્ષ હમીરભાઈ કોટડીયા દ્વારા તુલસીજીના વાજતે ગાજતે લગ્ન કરાવ્યા હતા. આ લગ્નમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને લગ્ન દરમિયાન રામાપીરના આખ્યાનનું પણ આયોજન કરાયું હતું. આસપાસના ગામના સરપંચો, આગેવાનો, કરસનભાઈ ભીલ તથા તાલુકા પંચાયતના પ્રમુખ બાલાભાઈ કોટડીયા, તાલુકા ભાજપ પ્રમુખ દિનેશદાદા, નાજભાઈ બાંભણિયા, વઢેરાના સરપંચ લખમણભાઈ તેમજ કડિયાળીના સરપંચ સવજીભાઈ મકવાણા સહિત આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ કાર્યક્રમ

અમરેલી,તા.૧૪

અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા સમયાંતરે પ્રાકૃતિક કૃષિ વિષયક સેમિનાર, સંવાદ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સહિત મહિલા ખેડૂતો પણ જોડાઈને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરુરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરુરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ-ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરુરી જીવામૃત-ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાય એ પાયાની જરુરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શકતી નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય ચૂકવવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત, ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રુ.૧.૨૦ લાખ સુધીની સહાય મળવાપાત્ર છે. ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજ્યના ખેડૂતોને જરુરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે.

# દામનગરમાં શાકભાજીના થડા શરૂ કરવાની માંગ ઉઠી

દામનગર, તા.૧૪



દામનગરમાં રાભડા-ધામેલ રોડ ચોકડી નજીક છેલ્લાં ૧૨ વર્ષથી ૨૪ શાકભાજીના થડા બનાવવામાં આવ્યા છે. આ થડા ખંડેર બની ગયા હોવાથી ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ત્યારે લોકોની સુખાકારી માટે આ થડા શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



સંકુલ ઓછી ફી - સારૂ શિક્ષણ - સારી વ્યવસ્થા
★ BA - MA - મેઈન ઈંગ્લીશ – મેઈન સાયકોલોજી – મેઈન સોસીયોલોજી
★ B.Sc. - M.Sc. માઈક્રોબાયોલોજી & BT ★ B.Com. - M.Com. બન્ને મિડીયમ
★ BBA - MBA & BCA - MCA સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – GTU & AICTE
★ ધો. ૧૧–૧૨ આર્ટસ મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – રાજ્યશાસ્ત્ર – અર્થશાસ્ત્ર
★ ધો. ૧૧–૧૨ સાયંસ & કોમર્સ બન્ને મિડીયમ ★ સાયંસ A ગ્રૂપ & B ગ્રૂપ
★ B.Pharm. - B.Ed. - PG DMLT ★ KG થી ધો. ૧૦ GSEB - ICSE બોર્ડ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી -Ad 075


# સાવરકુંડલા ગુરુકુળના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની બેઝબોલ સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું

સાવરકુંડલા, તા.૧૪



ભારત સરકાર દ્વારા ૬૮ મી સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાજ્યકક્ષાની પુરુષોની અંડર-૧૪ બેઝબોલ સ્પર્ધા ડીસા મુકામે યોજાઈ હતી. આ સ્પર્ધામાં અમરેલી જિલ્લાની ટીમમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-સાવરકુંડલાની સમગ્ર સ્કૂલની ટીમે રાજ્યમાં બીજું સ્થાન મેળવ્યું છે. ગુરુકુળ શાળાનાં રમતગમત કોચ તરીકે દીપકભાઈ વાળા તથા ઝાલાભાઈએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

## અવસાન નોંધ

**બગસરા**

સ્વ. અમૃતભાઈ ગિરધરભાઈ જોશી (ઉ.વ.૬૪) નું તા.૧૩ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.જેન્તીભાઈ, નવીનભાઈ, ચુનીભાઈ, દલતપરાય, જયસુખભાઈના નાના ભાઈ તેમજ હાર્દિકભાઈ અને દિપાલીબેનના પિતા, ચિરાગભાઈ શૈલેશભાઈ દવેના સસરા અને આરુષિના દાદા થાય છે. તેમનું બેસણુ તા.૧૫ને શુક્રવારના રોજ કોળી સમાજની વાડી પાસે તેમના નિવાસસ્થાને રાખેલ છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY
GOVERNMENT DONE SITE



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- | કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665


## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૮૮/૨૦૨૪

**અરજદાર :-** શ્રી નાથાભાઈ મનજીભાઈ પોલરા
રહે. શેડુભાર, તા. જિ. અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.શેડુભાર, તા.જિ.અમરેલી.

### ::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામના નાથાભાઈ મનજીભાઈ પોલરા તેઓના પુત્રી દયાબેન નાથાભાઈ પોલરાની જન્મ તા.૦૫/૦૩/૧૯૭૭ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# ખાંભા પંથકમાં સગા કાકાનું ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ

**નરાધમ કાકો દુષ્કર્મ કરતો રહ્યો અને કાકીએ બાળકીના પગ પકડી રાખ્યા**

અમરેલી,તા.૧૪

અમરેલી જિલ્લાના ખાંભા પંથકમાં એક ત્રણ વર્ષની બાળકી સાથે અન્ય કોઈ નહી પરંતુ તેના સગ્ગા કાકાએ હેવાનિયત આચરી તેની નાની ભત્રીજી પર દુષ્કર્મ આચરતા સમગ્ર જિલ્લામાં હાહાકાર મચી ગયો છે. આવી નીચ હરકત કરનાર કાકા અને કાકી સામે લોકો ફીટકાર વરસાવી રહ્યાં છે. ખાંભા પંથકમાં ૩ વર્ષ અને ૧૧ મહિના ૭ દિવસની બાળકી ઉપર હવસખોર સગા કાકાએ દુષ્કર્મ આચર્યું હતું. જે અંગે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાકા અને કાકીને ઝડપી અલગ અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. બાળકીના પિતા હિરા ઘસવા ગયા હતા ત્યારે બાળકી ઘરે એકલી હતી. તે સમયે તેની એકલતાનો લાભ લઈ બાળકીને ચોકલેટ આપવાની લાલચ આપી કાકા અને કાકી તેમના ઘરે લઈ ગયા હતા. જે બાદ રૂમ બંધ કરીને સમાજને કલંકિત કરનાર આ કળિયુગના કાકાએ પોતાની હવષ સંતોષી હતી. આટલું જ નહીં કાકીએ પણ વિરોધ કરવાના બદલે તેને સાથ આપ્યો હતો. કાકીએ પગ પકડી રાખ્યાં હતા જ્યારે કાકાએ બાળકીને પીંખી નાખી હતી. બાળકીની કાકીએ મદદગારી કરી હતી જેને પગલે



પોલીસે બંને સામે ગુનો નોંધી તેઓની ધરપકડ કરી છે. ઘટનાને લઈ ધારી એ.એસ.પી. જયવીર ગઢવીના સીધા સુપરવિઝન હેઠળ તપાસ ચાલી રહી છે. બન્ને આરોપીઓની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. વધુ કેટલાક પુરાવા એકત્ર કરવા પોલીસે કવાયત હાથ ધરી છે. આ ઘટના જુલાઈ મહિનામાં બની હતી. જોકે, દુષ્કર્મની ઘટના બાદ આરોપી પરિવારનો જ સભ્ય હોવાને કારણે શરૂઆતમાં આવી ઘટના બની છે તેવું પરિવારના લોકો માનવા તૈયાર ન હતા. જે બાદ પરિવારની બદનામી ન થાય તે માટે પોલીસ સ્ટેશન આવ્યાં ન હતા, જેના કારણે ફરિયાદ મોડે મોડે નોંધાવી છે. એ.એસ.પી. જયવીર ગઢવીએ જણાવ્યું કે, તારીખ ૧૩-૧૧ના રોજ એક વ્યક્તિએ પોલીસ મથકે આવીને ફરિયાદ નોંધાવી હતી કે, તેમની ૩ વર્ષ ૧૧ મહિનાની દીકરી સાથે તેમના જ સગા નાના ભાઈએ દુષ્કર્મ આચર્યું છે. તેમજ તેમના નાના ભાઈની પત્નીએ મદદ કરી છે. વધુમાં જણાવ્યું કે, ૯-૭-૨૦૨૪ના રોજ તેઓ હિરા ઘસવા માટે બહાર ગયા હતા. ત્યારે ઘરે કોઈ હાજર ન હતા તે દરમિયાન ભોગબનનારના કાકા અને કાકીએ એકલતાનો લાભ લઈ ભોગબનનારને તેમના ઘરે લઈ ગયા હતા. રૂમનો દરવાજો બંધ કરીને તેની સાથે શારીરિક અડપલા કરી કાકાએ દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ ખાંભા પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરિયાદ નોંધવામાં આવી છે અને પોક્સો સહિત વિવિધ કલમ ઉમેરીને ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ આ બન્ને આરોપીની અટક કરવામાં આવી છે. આમ, સગા કાકાએ નાની બાળકી પર જ દુષ્કર્મ આચરતા આવા નરાધમો પર સમાજ ફીટકાર વરસાવી રહ્યો છે. આવા નરાધમોને કડકમાં કડક સજા થાય તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.

## કેરીયાનાગસ ગામના આશાસ્પદ યુવાનના મોતથી ગમગીની ફેલાઈ

અમરેલી,તા.૧૪



અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે કિશોર ધૂન મંડળના મુખ્ય સંચાલક એવા બ્રિજેશભાઈ ગગજીભાઈ લાંભીયા(ઉ.વ.૩૨)નું નિધન થતા સમગ્ર ગામમાં ગમગીનીનો માહોલ છવાયો છે. ભોળા અને નિખાલસ સ્વભાવ ધરાવતા બ્રિજેશભાઈના આકસ્મિક નિધનથી પરિવારમાં આભ તૂટી પડ્યા જેવી સ્થિતિ ઉભી થઈ હતી. બ્રિજેશભાઈ લાંભીયાની સ્મશાનયાત્રામાં દરેશ સમાજના લોકો જોડાયા હતા. ગામના તમામ મંડળો દ્વારા તેમના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

## લાઠી પંથકના રોડને રિસરફેસ કરવા રાજ્યસરકારે રૂ.૯ કરોડ મંજૂર કર્યા

લાઠી,તા.૧૪

લાઠી વિસ્તારના ગ્રામ્ય કક્ષાના રસ્તા સુંદર અને રળિયામણાં બની રહે તે માટે લાઠી ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાએ સરકારમાં રજૂઆત કરી હતી. સરકારે લાઠી તાલુકાના ગામોના રસ્તા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાંથી માતબર રકમ મંજૂર કરી છે. આ બંને લોકપ્રતિનિધિઓએ પોતાના મત વિસ્તારના રસ્તા તાત્કાલિક રિસરફેસ થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ખૂબ જ ભારપૂર્વક રજૂઆત કરેલ, જે અન્વયે ૨૨ ઓકટોબર ૨૦૨૪ ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા લાઠી તાલુકાના રામપર, નાના રાજકોટ, કરકોલીયા થઈને ચાવંડ તરફ જતાં



રોડ માટે કુલ ૧૦ કિ.મી. સુધીના પાકા ડામર રોડને રિસરફેસ કરવા માટે રૂ. ૯ કરોડની રકમ મંજૂર કરી છે. આ રકમમાંથી લાઠી તાલુકાના રામપર, નાના રાજકોટ, કરકોલીયા થઈને ચાવંડ તરફ જતાં રોડને રિસરફેસ કરાશે, આ રિસરફેસીંગ કામગીરી સાથે સ્ટ્રેથનીંગની કામગીરી (પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ) તેમજ ગામતળ વિસ્તારમાં જરૂર જણાય ત્યાં સી.સી. રોડની કામગીરી પણ કરાશે.

## 'મારે ભાડું બંધાઈ ગયું છે' કહેતા રીક્ષા ચાલક સાથે ઝપાઝપી કરી

**અમરેલી શહેરમાં ભાડા બાબતે રીક્ષા ચાલક પર હુમલો**

અમરેલી, તા.૧૪

અમરેલી શહેરમાં ભાડા બાબતે રીક્ષા ચાલક પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે રાઠોડભાઈ જગુભાઈ ધાધલ (ઉ.વ.૪૫) એ નાજભાઈ વલકુભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાની રીક્ષાનું ભાડું લઈને જતા હતા. તે સમયે ભાડુઆતને બોલાવી કહેવા લાગ્યા કે તમે જે ભાવે રીક્ષા ભાડે રાખી તેના કરતાં સસ્તા ભાવે તમને મૂકી જઈશ તેમ કહેતા તેમણે મારે ભાડું બંધાઈ ગયું છે તેમ કહેતા સારું નહોતું લાગ્યું અને ઢીકાપાટુ માર્યા હતા.

તેમજ ઝપાઝપી કરી રીક્ષામાંથી લાકડી કાઢી માર માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.આર. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલા વીજપડી નેશનલ હાઈવે પર ખાડાથી વાહનચાલકો પરેશાન

સાવરકુંડલા,તા.૧૪



સાવરકુંડલાથી વીજપડીના માર્ગ પર મોટા મોટા ખાડા હોવાથી અકસ્માત થવાનું જોખમ રહે છે.

આ અંગે અધિકારીઓને અવારનવાર રજૂઆત કરવામાં આવે ત્યારે એક-બે ખાડા બુરીને જતા રહેતા હોય છે. પરંતુ સાવરકુંડલાથી બાઢડા, રામગઢ, લુવારા, ગોરડકા, ખડસલી, વીજપડી સહિતના તમામ ગામના વાહનચાલકોને સાવરકુંડલા આવતા-જતા ખૂબ જ સમય થાય છે. આ દરમિયાન લોકોને આકસ્મિક અકસ્માત થવાનો અને વાહનની નુકસાની વેઠવાનો વારો આવતો હોય છે. હાલમાં પુલ અને નાળાનું કામ ચાલુ હોવાથી અને એક સાઈડ ખુલ્લી છે અને એક સાઈડ બંધ હોય છે.

એમાં પણ ખાડાઓ વધુ પ્રમાણમાં જોવા મળતા હોય છે. આવા રસ્તાના કારણે વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. આથી તાત્કાલિક અસરથી આ રસ્તાને રિપેર કરવા ઉગ્ર માગ ઉઠી છે.

## સા.કુંડલાના નેસડી ગામે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરાયું

અમરેલી,તા.૧૪



સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે તુલસી વિવાહનું સુંદર આયોજન પેથાણી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

નેસડી ગામના સવજીભાઈ રણછોડભાઈ પેથાણી દ્વારા તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ હતું. ગામના મુખ્ય ચોકમાં આવેલ રામજી મંદિર એટલે કે ચોરાના ઠાકોરજીની જાન જોડીને ગામ લોકો સવજીભાઈ પેથાણીને આંગણે ઠાકોરજીને પરણાવવા પધાર્યા હતા.

## કેરીયાનાગસમાં પત્નીના ત્રાસથી કંટાળી પતિએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૧૪

અમરેલીના કેરીયાનાગસ ગામમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પત્નીના ત્રાસથી કંટાળી પતિએ ઝેરી દવા પીધી હતી. મહેશભાઈ રાઘવભાઈ માધડ (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, પત્નીના ત્રાસથી કંટાળી તેમણે પોતાની મેળે જંતુનાશક ઝેરી દવા પીધી હતી.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પૂનમ
તા. ૧૫-૧૧-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૪૪,
સૂર્યાસ્ત-૦૫:૨૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૧૫-૧૧-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે.

સિંહ: આ દિવસે કામમાં અડચણ હોવાને કારણે મન અશાંત થઈ શકે છે. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. નોકરી કરનારાઓને નવી તકો મળશે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે, તમે ફક્ત માથે પડેલા કોઈ કાર્ય કરશો.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જ કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકો છે.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. નોકરી ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે, તેને સફળતા મળશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે.

## ભાયાવદરથી ડાંગાવદર જતાં રોડ પર મીની બસે બળદગાડાને ટક્કર મારી

**જિલ્લામાં અકસ્માતના ત્રણ બનાવમાં બેનાં મોત, બે ઘાયલ**

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લાના રોડ રસ્તા રકતરંજિત થવાનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો હતો. ડાંગાવદર ગામે રહેતા રતુભાઈ જીવાભાઈ બલદાણીયા (ઉ.વ.૭૦) એ મીની બસ નંબર જીજે-૧૧-ટીટી-૮૮૦૯ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેમના પત્ની ભાયાવદરથી ડાંગાવદર જતા રોડ ઉપર સુરાપુરાની ખાંભી પાસેથી બળદગાડામાં પસાર થતા હતા ત્યારે મીની બસના ચાલકે આવીને ટક્કર મારી હતી. જેમાં તેમને બંનેને ઈજા થઈ હતી. બાબરાના ખંભાળા ગામે રહેતા રાજુભાઈ વિરજીભાઈ આહલગામા (ઉ.વ.૩૪)એ અજાણ્યા વાહન ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમનો ભત્રીજો ભાવેશભાઈ ભરતભાઈ આહલગામા (ઉ.વ.૧૮) તાઈવદર ગામના પાટીયા પાસેથી બાઈક લઈને પસાર થતો હતો ત્યારે વાહનચાલકે તેને ટક્કર મારી હતી. જેમાં તેનું ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. લાઠીના કૃષ્ણગઢ ગામે રહેતા જીવાભાઈ ભીખાભાઈ કનાળા (ઉ.વ.૫૮)એ જાહેર કર્યા મુજબ, દેવાયતભાઈ ભુરાભાઈ કનાળાનું બાઈક લીલીયાથી અંટાળીયા જવાના રસ્તે ખોડીયાર મંદિર આગળ સ્લીપ થઈ જતાં ગંભીર ઈજા થવાથી મરણ પામ્યા હતા.

## સાવરકુંડલામાં મહિલા પાસેથી ૯ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં ત્રણ ઈસમો પાસેથી ૧૬ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જેમાં સાવરકુંડલામાં મહિલા પાસેથી ૯ લીટર દેશી દારૂ મળ્યો હતો. ધારીમાંથી ચાર સહિત જિલ્લામાંથી ૧૧ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. કડીયાળા ગામે ફોર વે પાસેથી રાજુલામાં રહેતો ડ્રાઈવર ઓવરલોડ સામાન ભરીને જતાં ઝડપાયો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ વી. એન. જાની વધુ તપાસ કરી રહ્યા છે.







તંત્રી લેખ

## ડિજિટલ પેમેન્ટ સિસ્ટમે એટીએમનો મૃત્યુઘંટ વગાડી દીધો

ડિજિટલ પેમેન્ટ સિસ્ટમની બોલબાલાની સાથે જ હવે બેન્કોમાં પૈસા મૂકવા ઉપાડવાની લાઈનો ઓછી થઈ છે આવી જ રીતે બેંક એટીએમની સંખ્યા પણ ઝડપભેર ઘટી રહી છે. બટન દાબો અને ખટાખટ પૈસા નીકળે તેવા એટીએમનો યુગ હવે આથમી રહ્યો છે. શહેરના રાજમાર્ગોથી માંડી નાના ગામમાં પણ આજે એટીએમ જોવા મળે છે. એકદમ સરળતાથી કોઈપણ માણસ બેન્કના એટીએમમાં કાર્ડ નાખીને તેમાંથી પૈસા કાઢી શકે છે આ એટીએમ હવે ધીમે ધીમે ઓછા થઈ રહ્યા છે. એટીએમનો જમાનો પણ હવે પૂરો થાય છે. સરકારે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને અદના આદમી માટે પણ સમજવી અને વાપરવી સરળ બનાવી તેના પગલે બૅન્ક એટીએમના વપરાશમાં ઘટાડો શરૂ થયો છે. તેનો લાભ બૅન્કોને પણ મળી રહ્યો છે. બૅન્કોનો લાભ એ કે ડિજિટલ ચુકવણી વધી પછી રોકડ વ્યવહાર ઓછા થયા છે. એટીએમમાથી પૈસાના ઉપાડનું પ્રમાણ ઘટ્યું હોવાથી બૅન્કો તેમના એટીએમની સંખ્યા ઘટાડી રહી છે. એટીએમની સંખ્યા ઘટવાથી બૅન્કની એટલી જગ્યા બચી અને એટીએમ સંચાલનનો ખર્ચ પણ ઘટવો શરૂ થયો છે. એક અહેવાલ પ્રમાણે દેશભરમાં છેલ્લા ૧૨ મહિનામાં ૪૦૦૦ એટીએમ બંધ થયા છે. અર્થતંત્રમાં રોકડા નાણાનો વપરાશ માતબર હોવા છતાં બેન્કો તેમના એટીએમનો વ્યાપ ઘટાડી રહી છે. ડિજીટલ પેમેન્ટ, ખાસ કરીને યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ)ની લોકસ્વીકૃતિ વધવાનું આ પરિણામ છે. રિઝર્વ બૅન્ક અનુસાર, દેશમાં એટીએમની કુલ સંખ્યા સપ્ટેમ્બર ૨૦૨૩માં ૨,૧૯,૦૦૦ હતી, જે ઘટીને સપ્ટેમ્બર ૨૦૨૪માં ૨,૧૫,૦૦૦ થઈ હતી. બૅન્કની બહારના સ્થળોના (ઑફ-સાઈટ એટીએમ)ની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો. યુપીઆઈ જેવા ડિજીટલ પેમેન્ટના વધતા વપરાશને કારણે બૅન્કો તેમની ડિજીટલ પેમેન્ટ સિસ્ટમ વિકસાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ સિસ્ટમનો ઉદ્દેશ્ય એટીએમના સંચાલન ખર્ચમાં ઘટાડો કરવા સાથે તેને અદ્યતન બનાવવાનો છે. એક અહેવાલ પ્રમાણે બૅન્કો, ખાસ કરીને જાહેર ક્ષેત્રની બૅન્કો ડિજીટલ સિસ્ટમને ફિઝિકલ સિસ્ટમની સાથે સંયોજિત કરીને નેટવર્કનો વ્યાપ વ્યાપક અને ઊંડો કરી રહી છે. દેશમાં એટીએમનું પ્રમાણ પ્રત્યેક એક લાખ લોકો દીઠ માત્ર ૧૫ એટીએમનું છે. તે વસ્તી દીઠ એટીએમની ઉણપને દર્શાવે છે. ઉપરાંત, એટીએમ ટ્રાન્ઝેક્શન, ઈન્ટરચેન્જ ફી અને ઈન્ટર ઓપરેબિલિટીની નિયમનકારી જરૂરિયાત અને તે પૂરી કરવામાં થતા ખર્ચને કારણે એટીએમ રોકાણનું આકર્ષણ ઘટાડ્યું છે. નાણાં વર્ષ ૨૦૨૨ માં ૮૯ ટકા વ્યવહારો રોકડના હોવા છતાં, બૅન્કો તેમની નાણાકીય કાર્યક્ષમતા વધારવા માટે એટીએમ નેટવર્કની નીતિ ઉપર પર પુનર્વિચાર કરી રહી છે. એક સમયના ખટાખટ પૈસા બહાર નીકળે તેવા બેન્ક એટીએમ પણ નજીકના ભવિષ્યમાં જોવા નહીં મળે તે હકીકત છે.

# જૈનોના પવિત્ર તીર્થ પર્વતરાજ શેત્રુંજયની મહાયાત્રાનો શુભ પ્રારંભ

**સાડા ચાર મહિનાના ચાતુર્માસ બાદ ગિરિરાજની મહાયાત્રાનો આરંભ થઇ ચૂક્યો છે. અષાઢ સુદ પૂનમે પર્વતરાજના દ્વાર બંધ થયા હતા તે આજથી ખુલી રહ્યા છે. આ મહાન પર્વતરાજના ઇતિહાસને યાદ કરીએ.**

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

શેત્રુંજય ગિરિરાજ પાલીતાણા ખાતે ચોમાસાના સાડા પાચ માસ બંધ રહ્યા બાદ કારતક શુદ-૧૫ તા. ૧૫-૧૧થી યાત્રા માટે ડુંગર ખુલશે. ૨૦૦૦૦થી વધુ શ્રાવક, શ્રાવિકા અને ૧૦૦૦થી વધુ સાધુ- સાધ્વીજી ભગવંતો યાત્રાનો આરંભ કરશે. કાર્તિકી પૂનમની શેત્રુંજય તીર્થની યાત્રા આજે વહેલી સવારના પાંચ કલાકથી શરૂ થઈ ચૂકી છે. ચાતુર્માસના ચાર માસના વિરામ દરમિયાન પર્વતરાજ શેત્રુંજય પર હલચલ નહીવત હતી એક સુનકાર વ્યાપેલો હતો એવો સુનકાર જ્યાં દુન્વયી કોલાહલનો સદંતર અભાવ હતો. આ કોલાહલને પેલે પાર પરમ શાંતિનું સામ્રાજ્ય વ્યાપેલું હતું જ્યાં મહાન સિદ્ધ આત્માઓ તપ કરી રહ્યા છે. પવિત્ર સામ્રાજ્યમાં પરમ શાંતિ છે જે શાંતિની કલ્પના સામાન્ય માનવી કરી શકતો નથી પરંતુ જો તે પવિત્ર જીવન જીવે તો તે આ શાંતિને પામી શકે. પર્વતરાજ પર જે પરમ શાંતિ વ્યાપેલી છે તે મહાન સિદ્ધ આત્માઓને કારણે છે. જે જગ્યાએથી આ પર્વતરાજના દર્શન થાય છે તેવી જમીન તીર્થક્ષેત્ર ગણાય છે. ભાવનગર અમદાવાદ રોડ પર આવેલ અયોધ્યાપુરમના પવિત્ર દેરાસર પાસેથી પણ પર્વતરાજના દર્શન થાય છે. હાલ વાહનોનું પ્રદૂષણ અતિશય હોવાથી દર્શન થતા નથી પરંતુ સોનગઢથી પર્વતરાજના સ્પષ્ટ દર્શન થાય છે આથી સોનગઢને તીર્થક્ષેત્રનું વર્તમાન પ્રવેશદ્વાર ગણાય છે. સોનગઢ પણ જૈન ધર્મનું મહત્વનું સ્થાન છે. પાલીતાણામાં આવેલ પર્વતરાજ જૈન ધર્મનું મુખ્ય તીર્થ છે. અષાઢ - સુદ પૂનમથી ગિરિરાજની યાત્રા - બંધ હતી. કાર્તિકી પૂનમની યાત્રા કરવા મોટી સંખ્યામાં યાત્રિકો - પાલીતાણા આવશે. યાત્રિકો વહેલી સવારના ૬ વાગ્યે 'આદેશ્વર દાદાની જય હો'ના નારા સાથે યાત્રાનો પ્રારંભ જય તળેટીથી કરશે. આચાર્ય ભગવંતો, સાધુ સાધ્વીજી મહારાજ સાહેબો ચાતુર્માસ કરી રહેલા આરાધકો તેમજ સમગ્ર ગુજરાત અને ગુજરાત બહારથી આવેલા મોટી સંખ્યામાં યાત્રિકો આ મહાયાત્રાનો પ્રારંભ કરશે. આ શુભ પ્રસંગે આ પર્વતરાજ વિશેની કેટલીક ઐતિહાસિક માહિતી જાણવા જેવી છે. ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લામાં આવેલો પર્વત. ભૌગોલિક સ્થાન : ૨૧° ૩૧´ ઉ. અ. અને ૭૧° ૪૨´ પૂ. રે. તે જિલ્લામથક ભાવનગરથી નૈઋત્યમાં આશરે ૫૪ કિ.મી.ને અંતરે આવેલો છે. તેની તળેટીમાં પશ્ચિમ તરફ પાલિતાણા નગર વસેલું છે તથા તેની ઉત્તર તરફથી શેત્રુંજી નદી પસાર થાય છે. તેની



ઊંચાઈ સમુદ્રસપાટીથી ૬૦૩ મીટર જેટલી છે. ઉત્પત્તિના સંદર્ભમાં જોતાં, તે લાવા-પ્રસ્ફુટનની પ્રક્રિયાના પરિણામરૂપ તૈયાર થયેલો છે. તેના ઘટક ખડકો મુખ્યત્વે બેસાલ્ટ, ઍન્ડેસાઈટ અને ઑબ્સિડિયન પ્રકારના છે. તેની આજુબાજુના ભાગોમાં લૅમ્પ્રોફાયર, લિમ્બરગાઈટ, મૉન્ચિકાઈટ, પૉર્ફિરાઈટ, ઑલિવિન ગૅબ્બ્રા, મૉન્ઝોનાઈટ અને નેફેલિન સાયનાઈટ જેવાં અંતર્ભેદનો પણ મળે છે. પર્વત નજીકની કેટલીક જમીન મૂરમવાળી છે. પર્વત પર વનસ્પતિનું પ્રમાણ ઝાઝું નથી. માત્ર કાળો ધવ, ગોરડ, હરમો, સાલેડી, મોદડ, બોરડી અને ગરમાળો જેવાં વૃક્ષો જોવા મળે છે. સૌરાષ્ટ્રના પાલિતાણા પાસે ૬૦૦ મીટરની ઊંચાઈના શેત્રુંજય પર્વતનો જૈન આગમ સાહિત્યમાં ઉલ્લેખ થયો છે. અરિષ્ટનેમિ પાસે દીક્ષા લઈને ગૌતમકુમાર શેત્રુંજય ઉપર નિર્વાણ પામ્યાનું જાણવા મળે છે. ત્યાં બીજા કેટલાક સાધુઓ પણ નિર્વાણ પામ્યા હતા. પાંચ પાંડવો શ્રીકૃષ્ણના અવસાનથી સંવેગ પામીને સુસ્થિત સ્થવિરની પાસે દીક્ષા લઈને શેત્રુંજયના શિખર ઉપર પાદપોપગમન (વૃક્ષની જેમ સ્થિર રહીને) અનશન કરીને કાલધર્મ પામ્યાની અનુશ્રુતિ જૈન ગ્રંથોમાં નોંધાયેલી છે. આદિનાથ ઋષભદેવજીના પુંડરીક નામના ગણધરે તપ કરી આ પર્વત ઉપર સિદ્ધિ મેળવી હતી એવું મનાય છે. તેથી આ પર્વતનું એક નામ 'પુંડરીક' પણ છે. તે જૈનોનું એક મહત્ત્વનું તીર્થધામ છે અને 'પ્રભાવકચરિત', 'પ્રબંધચિંતામણિ', 'વિવિધતીર્થકલ્પ' વગેરે ગ્રંથોમાં તેનો વારંવાર ઉલ્લેખ થયો છે. 'વિવિધતીર્થકલ્પ'માં તો તેના માહાત્મ્યના અનુષંગમાં ૨૧ નામ પણ નોંધ્યાં છે. સૌરાષ્ટ્રમાં સવિશેષ ધ્યાન ખેંચનારું શત્રુંજયતીર્થ છે. તેને 'સિદ્ધિક્ષેત્ર' 'સિદ્ધિગિરિ', 'વિમલગિરિ' અને 'ઢંક' પણ કહ્યું છે. 'પ્રભાવકચરિત'માં પાદલિપ્તસૂરિનું ચરિત્ર આપતાં તેમના ઢંકાપુરીના સિદ્ધ શિષ્ય નાગાર્જુનનો પ્રસંગ મળે છે. નાગાર્જુને શેત્રુંજય પર્વત પર ભગવાન મહાવીરની તથા પોતાના ગુરુ પાદલિપ્તાચાર્યની પ્રતિમા પધરાવી એ પર્વતની તળેટીમાં પાદલિપ્તપુર ગામ વસાવ્યું, જે હાલ 'પાલિતાણા' તરીકે જાણીતું છે. જૈન અનુશ્રુતિઓ ઉપરાંત શેત્રુંજય પર જાવડે કરેલા તીર્થોદ્ધારનું વર્ણન થયેલું છે. ભાવડનો પુત્ર જાવડ મધુમતી(મહુવા)ના સ્વામી હતા. તેમણે તક્ષશિલાના ધર્મચક્રમાં રહેલી ઋષભદેવ-(આદિનાથ)ની પ્રતિમા મધુમતીમાં લાવી, ત્યાંથી સંઘ લઈ શેત્રુંજય જઈ, ત્યાં આચાર્ય વજસ્વામીના વરદ હસ્તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આ તીર્થોદ્ધારનો સમય ઈ. સ. ૫૧-૫૨નો ગણાય છે. ધનેશ્વરસૂરિએ બૌદ્ધોને વિવાદમાં હરાવી દેશપાર કરાવ્યા અને રાજા શિલાદિત્ય પાસે તીર્થોદ્ધાર કરાવ્યો એવું તેમણે રચેલા સંસ્કૃત પુરાણ કાવ્ય 'શત્રુંજયમાહાત્મ્ય'માં નોંધ્યું છે. આ રાજાનો સમય ઈ. સ. ૪૨૦-૪૨૧નો ગણાય છે. વલભીના રાજા શિલાદિત્યને ધનેશ્વરસૂરિએ જૈન ધર્મનો બોધ આપ્યો અને તે રાજાના આગ્રહથી 'શત્રુંજયમાહાત્મ્ય' રચ્યું હતું. ગૌડ દેશના રાજા ધર્મપાલ અને કનોજના રાજા નગભટ બીજાએ શેત્રુંજય અને રૈવતકની યાત્રા કરી હતી. શેત્રુંજય તીર્થને મંદિરોનું નગર કહેવામાં આવે છે, કારણ કે આ પર્વતની નવે ટૂકો પર થઈને ૧૦૫ મોટાં દેરાસરો, ૮૧૫ નાની દેરીઓ, ૧૧,૦૯૪ પાષાણની પ્રતિમાઓ તથા ૬૬૫ ધાતુની પ્રતિમાઓ છે. નવે ટૂકોમાં થઈ પાદુકાની સંખ્યા ૮,૯૬૧ છે. તેના જુદા જુદા સમયે ૧૬ મોટા ઉદ્ધારો થયા છે. સિદ્ધરાજે શેત્રુંજય જેવાં અનેક સ્થળોએ કુમાર-વિહાર બંધાવ્યા હતા. રાજા કુમારપાલના વૃદ્ધમંત્રી ઉદયનની શેત્રુંજયના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની અધૂરી રહેલી ઈચ્છા એમના પુત્ર વાગ્ભટે ઈ.સ. ૧૧૫૫માં પૂરી કરી. તેમણે શેત્રુંજય ઉપરના આદિનાથના લાકડાના મંદિરને બદલે પથ્થરનું મંદિર બંધાવ્યું. કુમારપાલે (ઈ. સ. ૧૧૪૩-૧૧૭૨) સંઘ કાઢી શેત્રુંજય, ગિરનાર વગેરે જૈન તીર્થોની યાત્રા કરી હતી. મહામાત્ય વસ્તુપાલે અનેક વાર સંઘ કાઢીને તથા સંઘ કાઢ્યા વિના પણ પોતાના કુટુંબ સાથે શેત્રુંજય તથા ગિરનારની યાત્રા કરી હતી. કચ્છના જગડૂશા તથા પેથડ શ્રેષ્ઠીએ શેત્રુંજયાદિ સ્થળોએ જૂનાં ચૈત્યો(દેરાસરો)નું સંસ્કરણ તથા નવાં ચૈત્યોનું સર્જન (ઈ. સ. ૧૨૫૦-૭૦) કરાવ્યું હતું. પાલનપુરના શ્રેષ્ઠી દેસલના પુત્ર સમરસિંહે શેત્રુંજય તીર્થ પર ખંડિત થયેલાં મૂળ મંદિર અને મૂર્તિઓનો પુનરોદ્ધાર કરાવ્યો હતો. ચિત્તોડનિવાસી ઓસવાલ જ્ઞાતિના શ્રેષ્ઠી કર્મચંદ્ર મંત્રીએ લાખો રૂપિયા ખર્ચીને શેત્રુંજયના મૂળમંદિરનો જીર્ણોદ્ધાર કરાવી એનો પ્રતિષ્ઠા-મહોત્સવ કર્યો હતો. ઈ.સ. ૧૩૧૩માં મુસ્લિમોએ જૈનોના મહાતીર્થ શેત્રુંજય ઉપરના મુખ્ય મંદિરનો નાશ કર્યો અને ત્યાંની આદીશ્વર પ્રતિમાને પણ ભાંગી નાખી. જિનપ્રભસૂરિના સમકાલીન ગ્રંથ 'વિવિધતીર્થકલ્પ'માં આ પ્રસંગ વર્ણવેલો છે.

## માર્કેટયાર્ડનાં ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૫ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૯૪ | ૬૨૩ |
| ઘઉં ટુકડા | ૫૮૬ | ૬૭૨ |
| જુવાર સફેદ | ૭૫૪ | ૮૫૧ |
| જુવાર પીળી | ૪૧૦ | ૪૮૦ |
| બાજરી | ૪૪૧ | ૫૭૨ |
| તુવેર | ૧૦૧૧ | ૨૧૧૦ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ચણા સફેદ | ૧૯૦૦ | ૨૮૫૦ |
| અડદ | ૧૧૩૫ | ૧૭૦૧ |
| મગ | ૧૧૮૧ | ૧૬૦૧ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૯૫૦ | ૨૩૦૦ |
| મગફળી જાડી | ૯૭૦ | ૧૨૭૪ |
| મગફળી જીણી | ૯૯૦ | ૧૨૨૨ |
| તલી | ૨૦૫૦ | ૨૬૫૦ |
| એરંડા | ૧૧૫૧ | ૧૨૭૭ |
| અજમો | ૧૨૫૦ | ૧૭૭૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૬૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૯૦ |
| કાળા તલ | ૨૯૯૦ | ૩૯૬૦ |
| લસણ | ૪૬૦૦ | ૬૫૫૦ |
| ધાણા | ૧૩૨૫ | ૧૪૮૨ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૭૮૦ |
| વરીયાળી | ૧૦૬૦ | ૧૨૯૫ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૮૧૧ |
| રાય | ૧૦૪૫ | ૧૩૨૮ |
| મેથી | ૧૦૬૦ | ૧૪૫૧ |
| અશેરીયો | ૨૪૩૧ | ૨૪૩૧ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૫૬ |
| રજકાનું બી | ૪૪૦૫ | ૫૧૩૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૫૯ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| મકાઇ લીલી | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૩૫૦ | ૭૫૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૭૦૦ |
| ટમેટા | ૫૫૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૨૦ | ૧૬૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૨૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૭૦૦ |
| મેથી | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૫૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૨૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૦ | ૧૨૪૦ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૨૮૬ |
| શિંગદાણાફાડા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| તલસફેદ | ૧૮૦૦ | ૨૮૭૦ |
| તલકાળા | ૨૮૦૦ | ૪૦૬૧ |
| જુવાર | ૪૬૨ | ૭૨૦ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૬૯ |
| ઘઉં લોકવન | ૫૮૯ | ૬૯૧ |
| અડદ | ૬૬૦ | ૧૫૩૨ |
| ચણા | ૧૦૮૫ | ૧૩૬૧ |
| કપાસ | ૯૫૦ | ૧૫૭૦ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૬૫૦ |
| ધાણા | ૧૧૪૦ | ૧૪૨૨ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૬૪૦ | ૮૪૭ |
| રાયડો | ૧૦૪૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૧૨૮ | ૧૧૨૮ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૧૦ | ૫૨૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૫૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીઝ | ૨૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૯૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૪૩૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૫૦૦૦ | ૬૦૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૨૦ | ૧૬૪૫ |
| જુવાર | ૫૦૦ | ૭૦૦ |
| બાજરો | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં | ૪૮૪ | ૬૩૨ |

| | | |
|---|---|---|
| મગ | ૧૨૦૦ | ૧૭૫૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૮૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ચણાસફેદ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૫૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૪૭ |
| રાયડો | ૭૬૫ | ૧૦૨૦ |
| લસણ | ૪૦૦૦ | ૫૬૦૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૪૦ |
| અજમો | ૨૦૦૦ | ૨૯૮૫ |
| ધાણા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૮૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૧ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૫૬ |
| સિંગદાણા જાડા | ૧૩૨૧ | ૧૩૭૧ |
| સિંગ ફાડીયા | ૮૫૧ | ૧૨૯૧ |
| એરંડા / એરંડી | ૯૮૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૯૧૧ |
| કલંજી | ૧૦૦૧ | ૩૭૯૧ |
| ધાણા | ૮૫૧ | ૧૬૫૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૬૩૧ |
| તુવેર | ૧૨૧૧ | ૨૧૭૧ |
| મેથી | ૬૦૧ | ૧૧૪૧ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૮૮૧ |
| તલ - તલી | ૨૧૦૦ | ૨૬૨૧ |
| ધાણી | ૯૫૧ | ૧૭૫૧ |
| બાજરો | ૪૧૧ | ૫૩૧ |
| જુવાર | ૪૭૧ | ૮૮૧ |
| મગ | ૧૧૪૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૪૧ |
| વાલ | ૭૦૧ | ૧૫૫૧ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૨૫૦૦ |
| સોયાબીન | ૬૫૧ | ૮૮૧ |
| ગોગળી | ૭૦૦ | ૯૬૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૯૦ | ૧૫૮૫ |
| મગફળી | ૧૧૨૭ | ૧૨૦૩ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૪૦૫૦ | ૪૪૫૦ |
| સોયાબીન | ૭૬૮ | ૮૨૨ |
| સફેદ તલ | ૨૦૯૫ | ૨૩૭૫ |
| ચણા સફેદ | ૨૦૯૫ | ૨૩૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-જીણી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| શીંગ - મોટી | ૧૧૦૦ | ૧૧૦૨ |
| તલ સફેદ | ૧૭૫૨ | ૨૫૦૯ |
| જીરૂ | ૪૩૭૫ | ૪૬૧૧ |
| કપાસ | ૧૪૫૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૪૧ |
| બાજરો | ૫૯૪ | ૬૩૨ |
| અડદ | ૮૨૩ | ૧૩૭૫ |
| ચણા | ૧૦૨૫ | ૧૫૭૫ |
| જુવાર | ૪૦૦ | ૮૦૧ |
| સોયાબીન | ૭૮૦ | ૮૪૪ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૫૩ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૭૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૪૩૮ | ૧૫૭૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૩૨ | ૧૫૪૦ |
| મગફળી | ૯૬૫ | ૧૧૫૪ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૬૦ | ૧૫૫૮ |
| મગફળી | ૮૦૦ | ૧૧૧૩ |
| ઘઉં | ૪૮૯ | ૬૫૧ |
| ચણા | ૧૧૪૦ | ૧૪૧૦ |
| સોયાબીન | ૫૯૦ | ૭૭૬ |
| ધાણા | ૧૧૭૦ | ૧૨૮૧ |
| **કોડીનાર** | | |
| મગ.જી-૨૦ | ૧૦૬૧ | ૧૧૯૭ |
| મગફળી૩૨નં. | ૯૮૧ | ૧૧૦૫ |
| બાજરી | ૫૨૫ | ૫૯૯ |
| ઘઉં | ૫૩૫ | ૬૫૫ |
| સફેદ તલ | ૧૯૮૦ | ૨૪૦૮ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૭૦૦ | ૮૬૮ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૫૦ |
| રજકો | ૩૫૦૦ | ૫૧૦૦ |
| કપાસ | ૧૩૬૦ | ૧૫૨૮ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૫૦૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૨૫ |
| બાજરો | ૫૩૫ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૬૧૧ | ૬૮૦ |
| મગ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ચણા | ૧૩૧૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૭૭૧ | ૮૧૧ |
| જુવાર | ૮૨૮ | ૮૨૮ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૫૧૮ | ૭૭૫ |
| શીંગફાડા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| મગફળી | ૬૦૫ | ૯૭૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૦૫ |
| શીંગદાણા | ૮૨૫ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૨૨૧૦ | ૨૨૧૦ |
| ધાણા | ૧૨૪૫ | ૧૨૪૫ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૧૭૦ | ૧૬૩૧ |
| શીંગ ૩૨ | ૯૫૧ | ૧૧૩૫ |
| શીંગ ૩૯ | ૯૩૩ | ૧૧૯૯ |
| બાજરીં | ૪૬૯ | ૬૨૮ |
| ઘંઉ ટુકડા | ૫૪૯ | ૭૭૭ |
| અડદ | ૧૦૬૦ | ૧૭૮૫ |
| સોયાબીન | ૭૮૧ | ૮૮૮ |
| ચણા | ૧૯૦૧ | ૨૬૧૦ |
| તલર ફ્રેદ | ૧૩૦૦ | ૨૬૧૦ |
| તલ કાળા | ૩૮૫૨ | ૩૮૫૨ |
| ડુંગળી લાલ | ૨૯૫ | ૬૭૫ |
| ડુંગળી | ૨૨૫ | ૧૪૫૨ |

## શબ્દ સંજોગ-૧૯૦૧

**આડી ચાવી :**
(૧) દાદરા નગર ..... (એક કેન્દ્રશાસિત પ્રદેશ) (૩)
(૨) સંતોષ (૩)
(૩) પરવરદિગાર (૨)
(૫) હાર, જોડ (૩)
(૬) જેમાં પાન ખરે તે ઋતુ (૪)
(૮) દાગીનો, ઘરેણું (૩)
(૧૧) એક રાશિ (૩)
(૧૨)...... ત્યાં જંપ (૨)
(૧૩) લવનો ભાઈ (૨)
(૧૪) રમત, ક્રિડા (૨)
(૧૫) મોટાની સાથેનો સંબંધ (૫)
(૧૬) ગધેડો (૩)
(૧૮) વિષ્ણુ ભગવાનનો એક અવતાર (૩)
(૨૦) એક ફળ (૨)
(૨૨) રડાકૂટ, શોક (પર્યાય અવળો) (૩)
(૨૩) માહિતગાર (૩)

**ઉભી ચાવી :**
(૧) ખેડૂત (૪)
(૪) રસ્તો, ડગર (૨)
(૭) લખેલું ભૂંસવા માટે વપરાય (૩)
(૯) જાહેર, ચળકતું (૩)
(૧૦) એક ફુલ (૩)
(૧૩) મદદ, સહાય (૩)
(૧૪) ભલે, હશે (૨)
(૧૫) વાયર, ઉપયોગ(૪)
(૧૭) બળદની એકધારા વેગવાળી ચાલ (૩)
(૧૯) અંગ્રેજીમાં પ્રાર્થના કરો (૧)
(૨૧) વહાલું, પ્રિય (૩)
(૨૨) લશ્કરી વહાણ (૪)
(૨૪) હોડ, બોલી, કરાર (૩)
(૨૫) લોઢું (૩)
(૨૬) દ્વારા, વચમાં રાખીને (૪)

## શબ્દ સંજોગ-૧૯૦૦ જવાબ

**આડી ચાવી :** (૨) રખે (૩) કાશી (૫) નિયુક્ત (૭) જાળ (૮) અંગ (૯) ભાન (૧૦) મુશળ (૧૧) અલભ્ય (૧૨) વરખ (૧૩) ભાર (૧૪) મુરબ્બો (૧૬) ભુવન (૧૮) રૂદ્રાક્ષ (૧૯) નેમ (૨૦) કવિ (૨૨) મુલક (૨૪) ઝુલો (૨૫) દુગ્ધ (૨૬) રકમ (૨૭) અષ્ટ.
**ઉભી ચાવી :** (૧) હાનિ (૨) રકત (૩) કાળ (૪) કાગળ (૬) યુગલ (૭) જાનવર (૮) અંશ (૧૦) મુખમુદ્રા (૧૧) અદ્‌ભૂત (૧૫) રક્ષક (૧૭) નવલ (૧૮) રૂમઝુમ (૨૧) વિશિષ્ટ (૨૨) મુગ્ધ (૨૩) કર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## ખ્યાતિ હોસ્પિટલ કાંડ, તપાસમાં થયો મોટો ખુલાસો

# ૧૯ દર્દીઓને જરૂર ન હોવા છતાં ઓપરેશન કરાયાનો ધડાકો, બે તબીબની ધરપકડ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૪

અમદાવાદમાં એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ હોસ્પિટલે કડી તાલુકાના બોરીસણા ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરીને ૧૯ દર્દીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર લેવા જણાવ્યું હતું અને ૧૭ દર્દીઓની એન્જિયોગ્રાફી કરી હતી અને બે દર્દીઓને સ્ટેન્ટ લગાવ્યા હતા. જેમાં દર્દીઓના મોતને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. આ તપાસમાં રાજ્યના આરોગ્ય વિભાગે એક વિશેષ સમિતિની રચના કરતાં ચોંકાવનારી હકીકતો સામે આવી છે, જેમાં દરેકને કોઈ ચોક્કસ રોગ ન હોવા છતાં ઓપરેશન કરવામાં આવ્યું હતું અને પીએમજેએવાય હેઠળ નાણાકીય લાભ મેળવવા માટે ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી. સોલા સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડૉ.પ્રકાશ મહેતાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં બહુચર્ચિત હૉસ્પિટલ કૌભાંડ સંદર્ભે ફરિયાદ નોંધાવી છે કે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ડૉ.પ્રકાશ મહેતા સિવાય અન્ય ડૉક્ટરોની એક ટીમ આ બાબતની તપાસ માટે તૈયાર કરવામાં આવી હતી. ટીમના સભ્યોએ પ્રખ્યાત હોસ્પિટલમાં દાખલ દર્દીઓના રિપોર્ટની તપાસ કરી, જેમાં




ચોંકાવનારી હકીકતો પ્રકાશમાં આવી હતી કે ૧૯ દર્દીઓમાંથી કોઈને પણ એન્જિયોપ્લાસ્ટી અને એન્જીયોગ્રાફીની જરૂર નહતી, તેમ છતાં તે તમામને પીએમજેએવાય દ્વારા અન્યાયી આર્થિક લાભ મેળવવા માટે સારવાર આપવામાં આવી હતી. જેમાં મૃતક દર્દી મહેશ બારોટના રિપોર્ટની તપાસ કરતાં એન્જિયોપ્લાસ્ટીનું કોઈ કારણ ન હોવાનું અને ઓપરેશન દરમિયાન કોઈ તકેદારી રાખવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે અન્ય મૃતક દર્દી નાગરભાઈ સેનમાના રિપોર્ટમાં સીપીઆર સારવારના ડેટામાં ચેડાં કરવામાં આવ્યા હતા અને ઓપરેશન સમયે કાર્ડિયોલોજિસ્ટની હાજરી પણ નોંધવામાં આવી ન હતી. આમ, બંને કિસ્સામાં યોજના દ્વારા અન્યાયી નાણાકીય લાભ લેવાનો ઈરાદો સ્પષ્ટ થયો હતો. આ અંગે વસ્ત્રાપુર પોલીસે હોસ્પિટલના ડાયરેક્ટર ડો.પ્રશાંત વજીરાની, ડો. કાર્તિક પટેલ, ડૉ. સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી અને સીઈઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૫, ૧૧૦, ૩૩૬(૩), ૩૧૮ અને ૬૧ હેઠળ ફરિયાદ નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. આ અંગે મૃતકના પરિજનોએ કડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ખ્યાતિ કાંડમાં વસ્ત્રાપુર પોલીસે દિવસ દરમિયાન કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાના કારણે બંને મૃતકના સંબંધીઓએ કડી પોલીસ સ્ટેશનમાં ઝીરો નંબરથી બે ફરિયાદ નોંધાવ્યા બાદ કુલ પાંચ લોકો સામે ગુનો નોંધ્યો છે. ખ્યાતિ હોસ્પિટલની ઘટનામાં બે દર્દીઓના મોત મામલે કડી પોલીસ સ્ટેશનમાં પણ બે ગુના નોંધાયા છે.

## જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં વિકરાળ આગ લાગતા બે મકાનો બળીને ખાખ

જાફરાબાદ તા.૧૪

જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં ઈલેકટ્રીક શોર્ટ સર્કીટથી મચ્છી સૂકવણીના વાડામાં આગ લાગતા બે મકાનો બળીને ખાખ થઈ ગયા હતા. મકાનમાં આગ લાગ્યા બાદ અંદર રહેલા બે ગેસના સિલિન્ડરો ફાટતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું અને ધૂમાડાના ગોટે ગોટા આકાશમાં ઉડ્યા હતા. જેથી લોકો ભયભીત થયા હતા. ધારાસભ્ય હિરાભાઈ સોલંકી સહિતના આગેવાનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. છેલ્લા કેટલાય સમયથી જાફરાબાદમાં ફાયર ફાઈટર ન હોય નગરપાલિકાના સત્તાધીશો સામે માછીમાર ખારવા સમાજમાં રોષ ફેલાયો હતો. ટૂંકા ગાળામાં જ આગની ચાર ઘટના બનતા ખારવા સમાજના પ્રમુખ ભગુભાઈ સોલંકી સહિતના આગેવાનોએ જાફરાબાદમાં ફાયર ફાઈટર ફાળવવા માંગ કરી હતી.

## બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ મંજૂરી જિલ્લા કલેકટર આપી શકશે

ગાંધીનગર,તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ત્વરિતતા લાવવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં પ્રવર્તમાન નિયમાનુસાર જે જમીનોનું વેલ્યુએશન ૫૦ લાખ રુપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં બોનાફાઈડ પરચેઝરે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા પરચેઝર્સની અરજીની વધુ સંખ્યા તેમજ તેના પરિણામે મંજૂરી પ્રક્રિયામાં વિવિધ તબક્કે અરજીઓની વિચારણામાં વ્યતીત થતો સમય નિવારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સત્તા વિકેન્દ્રીકરણના હેતુસર મહત્વનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ



ગવર્નન્સને ચરિતાર્થ કરવા જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર કરવાનો આ નિર્ણય કર્યો છે. તદઅનુસાર, મહેસુલ વિભાગના તા.૧૭/૦૩/૨૦૧૭ના ઠરાવ મુજબ બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની હાલની સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તાઓ જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

## હિંમતનગરના ગણવા ગામે પિતાનો ૩ માસૂમોને ઝેર આપી આપઘાતનો પ્રયાસ, એકનું મોત

હિંમતનગર,તા.૧૪

હિંમતનગરના પોશીના તાલુકાના ગણવા ગામે એક પિતાએ ૩ માસુમ બાળકોને ઝેર આપી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં એક બાળકનું મોત થયું હતું, જ્યારે બીજાને સારવાર અર્થે લાંબડિયા જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તાલુકાના ગણવા ગામે મુકેશ નાનજીભાઈ ધરંગીએ તેના ત્રણ બાળકોને ઝેર આપીને મારવાનો પ્રયાસ કર્યો હતો, બાદમાં પોતે પણ ઝેર ખાઈ લીધું હતું. ઝેર પીધા બાદ પિતાએ તેના બાળકો સાથે બચેલું ખાવાનું શરૂ કર્યું. જ્યારે આજુબાજુના લોકોને ઘટનાની માહિતી મળી ત્યારે ધરંગી પરિવારના ૪ સભ્યોને તાત્કાલિક લાંબડિયા જનરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેને તાત્કાલિક સારવાર આપીને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સાહિલ ધરંગીની તબિયત લથડતાં તેને ખેડબ્રહ્મા રીફર કરવામાં આવ્યો હતો.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ૧,૦૦૦ કરોડના એમઓયુ, ૫૦૦૦ લોકોને રોજગારી મળશે

ગાંધીનગર,તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની ટેક ઈકો સિસ્ટમમાં નવું સીમાચિહ્ન ઉમેરતા રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે વૈશ્વિક અગ્રણી જેબિલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર એમઓયુ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત ટેકનોલોજી અને ઉદ્યોગોમાં નોંધપાત્ર



પરિવર્તનનું વાહક બન્યું છે અને ડિજિટલ ઈનોવેશન માટે વૈશ્વિક હબ બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે. આ સંદર્ભમાં ભારત સેમિકન્ડક્ટર મિશન, ઈન્ડિયા એઆઈ મિશન, નેશનલ ક્વોન્ટમ મિશન જેવી અગ્રણી પહેલો સાથે આઈઓટી અને ૫ જી ટેકનોલોજી સાથે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગો મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા સજ્જ થયા છે. ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ અને એન્જીનિયરીંગ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઈન સોલ્યુશન્સમાં વર્લ્ડ લીડર જેબિલ વચ્ચે થયેલા આ એમઓયુ અનુસાર ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન DSIRમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાના સંભવિત રોકાણોની નેમ જેબિલ ધરાવે છે.

## ભેંસાણમાં સમસ્ત ભેંસાણીયા પરિવાર દ્વારા ખોડિયાર માતાજીના મઢે નવચંડી યજ્ઞ યોજાયો

ભેંસાણ,તા.૧૪

ભેંસાણના હનુમાન પરા વિસ્તારમાં આવેલ સમસ્ત ભેંસાણીયા પરિવારના કુળદેવી ખોડિયાર માતાજીના મઢે વાર્ષિક મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ રાત્રિના ભડલાના પ્રખ્યાત રામા મંડળનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ





તસવીર : ગોપાલ ભેંસાણીયા

કાર્યક્રમમાં ભાવિકોએ ભોજન પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી જેમાં સમસ્ત ભેંસાણીયા પરિવારના લોકોની સાથે સાથે સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, સામાજીક તેમજ રાજકીય પક્ષોના હોદ્દેદારો તેમજ કાર્યકરોએ પણ ખાસ હાજરી આપી હતી, આ કાર્યક્રમમાં કુટુંબના વડીલો તેમજ સ્વયંસેવકો તેમજ દાતાઓને શાલ ઓઢાડી, તેમજ સન્માપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ઉનાના વાંસોજ ગામ પાસે સિંહે બળદનું રસ્તા પર મારણ કરી મિજબાની માણી

ઉના,તા.૧૪

ઉનાના વાંસોજ ગામ પાસે સિંહે એક બળદ પર હુમલો કરી રસ્તાની સાઈડમાં જ મારણની મિજબાની માણી હતી. સમગ્ર ઘટનાનો વીડિયો ત્યાંથી પસાર થતા વાહનચાલકોએ કેદ કર્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. બે દિવસ પહેલા પણ વાવરડા ગામમાં રહેણાંક પ્લોટ



તસવીર : કૈલાશ ભટ્ટ

વિસ્તારમાં સિંહે એક વાછરડીનું મારણ કરતો વીડિયો સ્થાનિક લોકોએ કેદ કર્યો હતો. સિંહના હુમલાને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

## ધોરાજી ખાતે બ્રહ્મ ચોર્યાસી યોજાઈ: શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે બ્રહ્મ પરિવારોએ ભોજન લીધું

ધોરાજી, તા.૧૪

તાજેતરમાં ધોરાજી લેઉવા પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે બ્રહ્મ ચોર્યાસીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરાજી બ્રહ્મ સમાજના યુવા અગ્રણી નયનભાઈ કુહાડીયા અને તેમના પરિવાર દ્વારા દેવર્ષ કુહાડીયાનાં ઉપનયન સંસ્કાર નિમિત્તે વેદોક્ત વિધિ પ્રમાણે ગજાનન આશ્રમ માલસરના પૂજ્ય ગુરુદેવ વિજયભાઈ જોશી તેમજ સુપેડી



તસવીર : નયન કુહાડીયા

મુરલી મનોહર મંદિરના મહંત રવિદાસ બાપુની નિશ્રામાં બ્રહ્મ ચોર્યાસી યોજાઈ હતી. જેમાં ધોરાજીમાં વસતા તમામ વિપ્ર પરિવારોએ મંગલ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે ભોજન પ્રસાદનો આસ્વાદ માણ્યો હતો.

## ઉનાના દરિયા કિનારામાં સમુદ્ર સુરક્ષા કાનૂન C.R.Z. કાર્યક્રમ યોજાયો

ઉના, તા.૧૪

સમુદ્ર કિનારા પરના પર્યાવરણીય અને પ્રાકૃતિક વાતાવરણને અસર કરતા પરિબળો જેવા કે દરિયામાંથી તેલ, ગેસ, રેતી ખનન અને કંપનીઓ દ્વારા હજારો ગેલન પ્રદૂષિત પાણી સમુદ્રમાં નાખતા હજારો માછી કામદારો બેરોજગાર બની રહ્યા છે. તેમજ સમુદ્રની સુરક્ષા માટે બનેલ કાનુન સી.આર.ઝેડ. કાયદો તેમજ કોસ્ટલ રેગ્યુલેશનના કોઈ અમલ




તસવીર : કૈલાસ ભટ્ટ

સંબંધીત કાર્યવાહી થતી નથી. સમુદ્ર સુરક્ષામાં રાજય અને કેન્દ્ર સરકારનું તંત્ર બેજવાબદાર રહેલ છે. તેની સામે દેશભરની કેટલીક સામાજીક સંસ્થાઓ એક સાથે મળીને ગુજરાત અને દેશ ભરના સમુદ્ર કિનારાના માછીમારોમાં જન જાગૃતિના કાર્યક્રમો ચલાવી રહી છે.






## મોબાઈલ શોધી આપતાં શિલ્પકારે કોડીનાર પોલીસ સ્ટાફનો આભાર માન્યો

કોડીનાર, તા.૧૪

ભાવનગરમાં રહેતા શિલ્પકાર નિતીનભાઈ પ્રેમજીભાઈ પરમારનો રેડમી નોટ ૧૩ પ્રો. મોબાઈલ ગુમ થયો હતો. જે બાબતે કોડીનાર પોલીસ સ્ટેશનમાં અરજી આપતા આ અરજીના કામે ટાઉન બીટના પોલીસ કોન્સ્ટેબલ ભીખુશા બચુશા જુણેજા નાઓએ તાત્કાલીક અસરથી અરજદારનો કિંમતી મોબાઈલ શોધી આપ્યો હતો. જેથી શિલ્પકાર નિતીનભાઈ પ્રેમજીભાઈ પરમારે કોડીનાર પોલીસ સ્ટાફના ભીખુશાનું સન્માન કરવા આબેહૂબ ચિત્રકલાથી ફોટો ફ્રેમ બનાવી આપ્યો હતો.

### -//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૦૦/૨૦૨૪

**અરજદાર** :- શ્રી રમેશભાઈ શંભુભાઈ કુંભાણી
રહે. શેડુભાર, તા. જિ. અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.શેડુભાર, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામના રમેશભાઈ શંભુભાઈ કુંભાણી તેઓના બહેન રેખાબેન શંભુભાઈ કુંભાણીની જન્મ તા.૦૧/૦૪/૧૯૬૯ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### -//મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી /અરજી નં.૩૦૮/૨૦૨૪

અરજદારશ્રી:- .......૧. મગનભાઈ વિરજીભાઈ હુંમર,
રહે. અભરામપરા તા.સાવરકુંડલા જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી અભરામપરા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના **ભાઇશ્રી ભૂપત વીરજી હુંમરનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬** ના રોજ મુ.અભરામપરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૧/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# ચૂંટણીમાં એક તરફ સંભાજી મહારાજને માનનારો છે તો બીજી તરફ ઔરંગઝેબને સમર્થન કરનારા લોકો : વડાપ્રધાન

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૪



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્રપતિ સંભાજીનગરમાં ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું કે આ વખતે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી એ વિચારધારાની મહત્વપૂર્ણ લડાઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ચૂંટણીમાં એક તરફ સંભાજી મહારાજને માનનારા દેશભક્તો છે તો બીજી તરફ ઔરંગઝેબને સમર્થન કરનારા લોકો છે. મોદીએ કહ્યું કે, જે લોકો સંભાજી મહારાજના હત્યારામાં પોતાનો મસીહા જુએ છે, શું તેઓ મહારાષ્ટ્રની ઓળખના વિરોધી નથી? મોદીએ મહારાષ્ટ્રના લોકોને યાદ અપાવ્યું કે છત્રપતિ સંભાજીનગરનું નામકરણ કરવાની માંગ સૌપ્રથમ શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરેએ કરી હતી. મહા વિકાસ આઘાડી સરકાર પર નિશાન સાધતા મોદીએ કહ્યું કે તેમની સરકાર અઢી વર્ષ સત્તામાં હોવા છતાં આ માંગ પૂરી કરી શકી નથી. તેમણે કહ્યું કે મહાયુતિની સરકાર સત્તામાં આવતાની સાથે જ બાળાસાહેબની ઈચ્છા પૂરી કરીને શહેરનું નામ છત્રપતિ સંભાજીનગર રાખવામાં આવ્યું. મોદીએ કહ્યું કે છત્રપતિ સંભાજીનગરના નામકરણને કારણે કોંગ્રેસ અને મહા વિકાસ આઘાડીને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. તેમણે આરોપ લગાવ્યો કે એમવીએ સાથી પક્ષો કોર્ટમાં આ નિર્ણયને પલટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# પાણીપતમાં નશામાં ચૂર થયેલા ટ્રક ડ્રાઈવરે પાંચ લોકોને કચડી નાખ્યા

**સ્થાનિકોએ ટ્રક ડ્રાઈવરને પકડી માર માર્યા બાદ પોલીસને સોંપ્યો**

પાણીપત,તા.૧૪

પાણીપતમાં નશામાં ચકચૂર ટ્રક ડ્રાઈવરે બેફામ ટ્રક ચલાવી પાંચ લોકોના જીવ લીધા હતા. જેમાં અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પણ થઈ હતી. દિલ્હીથી ચંદીગઢ જઈ રહેલાં ટ્રક ડ્રાઈવરે એલિવેટેડ હાઈવે પર રોંગ સાઈડમાં ઘૂસી મોતનું તાંડવ ખેલ્યું હતું.

મીડિયા સૂત્રો અનુસાર, પાણીપત શહેરમાં નશામાં ધૂત ટ્રક ડ્રાઈવરે એલિવેટિડ હાઈવે પર સિવાહથી માંડી કેમ્પના વળાંક સુધી જુદા-જુદા અકસ્માત સર્જી કુલ છ લોકોને ટક્કર મારી હતી. જેમાં પાંચના મોત થયા હતા. જ્યારે એક ગંભીર રૂપે ઘાયલ થયો હતો.





આ ટ્રક છેલ્લે એક બોલેરો કારને ટક્કર માર્યા બાદ થંભી હતી.

બાદમાં સ્થાનિક લોકોએ ટ્રક ડ્રાઈવરને પકડીને માર માર્યો હતો. મૃતકોમાં બે યુવક સૂરજ અને અનિકેતની ઓળખ થઈ છે. તેઓ પાવટી ગામના રહેવાસી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકોની ઓળખ અને ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસે જણાવ્યું કે, આરોપી ટ્રક ડ્રાઈવર નશામાં હતો. તે સીધો ઉભો પણ રહી શકતો ન હતો.

# માલેગાંવ બ્લાસ્ટ કેસ: કોર્ટમાં હાજર ન થવા બદલ પ્રજ્ઞા ઠાકુર સામે કાર્યવાહી, નવું વોરંટ જારી

મુંબઈ,તા.૧૪




મુંબઈની વિશેષ અદાલતે ભાજપના પૂર્વ સાંસદ વિરુદ્ધ જામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. બુધવારે, કોર્ટે ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં પ્રજ્ઞા ઠાકુર વિરુદ્ધ નવું જામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું. કોર્ટમાં હાજર ન થવા બદલ તેની સામે જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું છે. પ્રજ્ઞા ઠાકુર તબિયતને ટાંકીને કોર્ટમાં હાજર થઈ ન હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના કેસોની વિશેષ અદાલતે એક મહિનામાં પ્રજ્ઞા ઠાકુર વિરુદ્ધ બીજું વોરંટ જારી કર્યું છે. આ પહેલા, કોર્ટે ૫ નવેમ્બરે તેના વિરુદ્ધ વોરંટ જારી કર્યું હતું, કારણ કે તેણી કોર્ટની કાર્યવાહીમાં હાજર રહી ન હતી.

# ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુની જન્મ જયંતી પર પુષ્પાંજલિ આપતા પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪





આજે, પંડિત જવાહરલાલ નેહરુની જન્મ જયંતીના અવસરે, પીએમ મોદીએ એક્સ પર પોસ્ટ કરીને તેમને પુષ્પાંજલિ અર્પણ કરી. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું કે, 'હું આપણા પૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને તેમની જન્મ જયંતીના અવસર પર પુષ્પાંજલિ અર્પણ કરું છું.' તમને જણાવી દઈએ કે પંડિત જવાહરલાલ નેહરુ, જેમને આધુનિક ભારતના સર્જક કહેવામાં આવે છે, તેઓ બાળકોને ખૂબ જ પસંદ કરતા હતા અને બાળકો તેમને ખૂબ જ પ્રેમથી 'ચાચા નેહરુ' કહેતા હતા. તેથી જ આપણે તેમની જન્મ જયંતીને બાળ દિવસ તરીકે ઉજવીએ છીએ. તમને જણાવી દઈએ કે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ, જેનો જન્મ ૧૪ નવેમ્બર ૧૮૮૯ના રોજ ઉત્તર પ્રદેશના અલ્હાબાદ (હાલ પ્રયાગરાજ)માં થયો હતો, તેઓને બાળકો ખૂબ જ પસંદ હતા. બાળકો પણ તેમને ખૂબ પસંદ કરતા અને પ્રેમથી તેમને 'ચાચા નેહરુ' કહીને બોલાવતા. આ જ કારણ છે કે ૧૪ નવેમ્બરને બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આપણા દેશમાં ૧૯૬૪ પહેલા ૨૦મી નવેમ્બરે બાળ દિવસ મનાવવામાં આવતો હતો.

# રાજસ્થાનના ટોંક જિલ્લામાં પોલીસ પર પથ્થરમારો થયો, આગચંપી થઈ

(એ.આર.એલ),જયપુર,તા.૧૪

રાજસ્થાનના ટોંક જિલ્લાના સમરાવતા ગામમાં બુધવારે થયેલી હિંસા બાદ તણાવનો માહોલ છે. ગામમાં મોટા પાયે પોલીસકર્મીઓની તૈનાતી કરાઈ છે. પોલીસની ટીમો ગામ અને આસપાસના વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી રહી છે. બુધવારે વિધાનસભા પેટાચૂંટણીના અપક્ષ ઉમેદવાર નરેશ મીણાના સમર્થકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. આરોપ છે કે નરેશ મીણાના સમર્થકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો. આગચંપી થઈ. જવાબમાં પોલીસે ટીયર ગેસના સેલ છોડ્યા અને લગભગ ૧૦૦ રાઉન્ડ હવાઈ ફાયર કર્યા. આ દરમિયાન ઉપદ્રવીઓએ બાઈક અને કારમાં આગ લગાવી દીધી. મીડિયા રિપોર્ટમાં જણાવાયું છે કે લગભગ ૧૦૦થી વધુ દ્વિચક્રી અને ફોરવ્હીલ વાહનો બાળી મૂકાયા. પથ્થરમારામાં ૧૫ પોલીસકર્મી ઘાયલ થયા છે. જ્યારે પોલીસે નરેશ મીણાના ૬૦ જેટલા સમર્થકોને અટકાયતમાં લીધા છે.

# ચેન્નાઈમાં ઓપીજી ગ્રુપ પર ઈડીના દરોડા, સર્ચ ઓપરેશનમાં ૮.૩૮ કરોડ રૂપિયા મળ્યા

ચેન્નાઈ,તા.૧૪



એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ચેન્નાઈમાં ઓપીજી ગ્રુપના સ્થળો પર દરોડા પાડ્યા છે. આ સમયગાળા દરમિયાન ઈડીએ દરોડામાં ૮.૩૮ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી છે. ઈડીએ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ ,૧૯૯૯ અને ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ નિયમોના ઉલ્લંઘન બદલ ઓપીજી ગ્રુપ, ચેન્નાઈ સામે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તમને જણાવી દઈએ કે ઓપીજી ગ્રુપના માલિક અરવિંદ ગુપ્તા છે, જે પાવર જનરેશનનો બિઝનેસ કરે છે. કંપનીને સેશેલ્સ સ્થિત કંપનીઓ દ્વારા રૂ. ૧૧૪૮ કરોડનું વિદેશી પ્રત્યક્ષ રોકાણ પ્રાપ્ત થયું હતું. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ભંડોળનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને આરબીઆઈને ખોટી ઘોષણા સહિત FEMA જોગવાઈઓના અનેક ઉલ્લંઘનો જાહેર કર્યા હતા. ફેમા, ૧૯૯૯ ની જોગવાઈઓ હેઠળ EDની તપાસમાં બહાર આવ્યું છે કે એફડીઆઈ નીતિ હેઠળ અમુક શરતોને આધીન, પાવર સેક્ટરમાં રોકાણ કરવા માટેના ઉક્ત એફડીઆઈ ફંડનો નોંધપાત્ર હિસ્સો, મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત, શેરબજારમાં ગેરકાયદેસર રીતે રોકાણ કરવામાં આવ્યું હતું.

# વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ CBSEએ ધો. ૧૦-૧૨ના અભ્યાસક્રમમાં ૧૫% કપાતની જાહેરાત કરી

ન્યુ દિલ્હી,તા.૧૪




કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ(CBSE)એ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને મોટી રાહત આપતી જાહેરાત કરી છે. સીબીએસઈએ ધો.૧૦-૧૨ના અભ્યાસક્રમમાં ૧૫ ટકાની કપાત કરી છે. આ સાથે પરીક્ષાની પેટર્નમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. નવી પ્રક્રિયા મુજબ હવે ઈન્ટરનલ એસાઈનમેન્ટ માટે ૪૦ ટકા માર્ક્સ આપવામાં આવશે, જ્યારે ફાઈનલ પરીક્ષા માટે ૬૦ ટકા માર્ક્સ અપાશે. મળતા અહેવાલો મુજબ ઈન્દોરમાં પ્રિન્સિપાલ સમિટ યોજાઈ હતી, જેમાં સીબીએસઈના રિજનલ ઑફિસર વિકાસ કુમાર અગ્રવાલે અભ્યાસક્રમ અને પરીક્ષા પેટર્નમાં ફેરફાર થયો હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, સીબીએસઈનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના બોજથી બચાવવાનો અને વિષયને ઊંડાણથી સમજવાની તક આપવાનો છે. બોર્ડે અભ્યાસક્રમમાં કરેલી કપાત વિકસિત શૈક્ષણિક માળખાને અનુરૂપ છે.

# મણિપુરમાં ૩ બાળકોની માતા સાથે બળાત્કાર, શરીરમાં ખિલ્લો ઠોકયા પછી જીવતી બાળી

ઈમ્ફાલ,તા.૧૪



મણિપુર હિંસાની આગમાં ભડકે બળી રહ્યું છે. અનેક ખૌફનાક કહાનીઓ અત્યાર સુધી સામે આવી છે જેણે દેશને હચમચાવી દીધો છે. ગત વર્ષે મહિલાઓને નિર્વસ્ત્ર કરીને જાહેરમાં પરેડ કરાવવાની ઘટનાને પીએમ મોદીએ રાષ્ટ્રીય શર્મ ગણાવી હતી. આમ છતાં હિંસા ગ્રસ્ત રાજ્યમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધની બર્બરતા વધી રહી છે. ૭ નવેમ્બરે જીરીબામ જિલ્લાના એક ગામમાં હથિયારબંધ હુમલાખોરોએ એક ઘરમાં ઘૂસીને ૩ બાળકોની માતા સાથે હેવાનીયત આચરી. ૩૧ વર્ષની આદિવાસી મહિલાનો બળાત્કાર કરતા પહેલા તેના પર ખુબ અત્યાચાર કરાયો. ત્યારબાદ તેને જીવતી બાળી મૂકી.

# ભડકાઉ ભાષણ બદલ સ્ટેજ પર જ ઔવેસીને પોલીસની નોટિસ

સોલાપુર,તા.૧૪



મહારાષ્ટ્રના સોલાપુરમાં ચૂંટણી પ્રચારમાં AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીને ઉશ્કેરણીજનક ભાષણો આપવા બદલ પોલીસે નોટિસ પાઠવી હતી. ઓવૈસી સોલાપુર વિધાનસભા ક્ષેત્રમાં એક રેલી દરમિયાન મંચ પર ભાષણ આપી રહ્યા હતા, તે દરમિયાન પોલીસે સ્ટેજ પર જઈ આ નોટિસ આપી હતી. ઓવૈસી ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)ના સોલાપુરના ઉમેદવાર ફારુક શાબ્દી માટે પ્રચાર કરી રહ્યા હતા. નોટિસમાં, પોલીસે ઓવૈસીને કોઈપણ સમુદાયની ભાવનાને ઠેસ ન પહોંચાડવા અને તેમના ભાષણમાં ભડકાઉ શબ્દોનો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# ડોમિનિકા સરકાર તેમના સર્વોચ્ચ નાગરિક એવોર્ડથી પીએમ મોદીનું કરશે સન્માન

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪



ડોમિનિકા સરકારે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવાનો નિર્ણય લીધો છે. ડોમિનિકાની સરકારે એક અખબારી યાદી બહાર પાડીને જણાવ્યું હતું કે, ગયાનામાં યોજાનારી આગામી ભારત-કેરીકોમ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન મોદીને આ સન્માનથી સન્માનિત કરવામાં આવશે. ડોમિનિકા સરકારના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ડોમિનિકાના રાષ્ટ્રપતિ સિલ્વેની બર્ટન વડાપ્રધાન મોદીને આ સન્માનથી સન્માનિત કરશે. ફેબ્રુઆરી ૨૦૨૧ માં, વડાપ્રધાન મોદીએ ડોમિનિકાને કોરોના રસી એસ્ટ્રાઝેનેકાના ૭૦ હજાર ડોઝ સપ્લાય કરીને એક મૂલ્યવાન ભેટ આપી હતી. વડાપ્રધાન મોદીની આ મિત્રતાભરી ઉદારતાને ધ્યાને લઈને, ડોમિનિકાની સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ડોમિનિકાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવાનો નિર્ણય લીધો છે.

# ગાઝા પર ઈઝરાયેલે કરેલા વિનાશક હવાઈ હુમલામાં ૪૬ લોકોના મોત

દેઈર અલ-બલાહ, તા.૧૪



ઈઝરાયેલી સેનાએ ગાઝા પર વિનાશક હવાઈ હુમલો કર્યો છે. આ હવાઈ હુમલામાં ગાઝા પટ્ટીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬ લોકોના મોત થયા છે. ગાઝામાં તબીબી અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રદેશના એક વિસ્તારને, જેને ઈઝરાયેલે માનવતાવાદી ક્ષેત્ર જાહેર કર્યો છે, તેને પણ નિશાન બનાવવામાં આવ્યો હતો. ગાઝામાં જીવ ગુમાવનારા ૪૬ લોકોમાંથી ૧૧ લોકો આ વિસ્તારના કામચલાઉ કાફેટેરિયામાં હાજર હતા. લેબનોનમાં, મંગળવારે, લડાયક વિમાનોએ બેરૂતના દક્ષિણી ઉપનગરો પર હુમલો કર્યો અને દેશના અન્ય ભાગોમાં ૩૩ લોકો માર્યા ગયા. તાજેતરના ઈઝરાયેલી બોમ્બ ધડાકા ત્યારે થાય છે જ્યારે યુએસએ કહ્યું છે કે તે ગાઝાને વધુ માનવતાવાદી સહાય મોકલવાની સમયમર્યાદા પસાર થયા પછી પણ ઈઝરાયેલને તેની લશ્કરી સહાય ઘટાડશે નહીં. લેબનોનની રાજધાની બેરૂતના દક્ષિણી ઉપનગરોમાં મોટા વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. આ વિસ્તાર દહિયાહ તરીકે ઓળખાય છે અને અહીં હિઝબુલ્લાહની હાજરી હોવાનું માનવામાં આવે છે.

આ પહેલા ઈઝરાયેલની સેનાએ ત્યાંના ૧૧ ઘરોને ખાલી કરવાની ચેતવણી આપી હતી. મૃતકોની સંખ્યા અંગે તાત્કાલિક કોઈ માહિતી આપવામાં આવી નથી.

# ડોનાલ્ડ ટ્રમ્પે હિન્દુ મહિલાને નેશનલ ઈન્ટેલિજન્સના ડાયરેક્ટર બનાવ્યા

વોશિંગ્ટન, તા.૧૪



અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની ટીમમાં એક હિન્દુ જાંબાઝ મહિલાને જગ્યા આપી છે. તુલસી ગાબાર્ડને ટ્રમ્પે નેશનલ ઈન્ટેલિજન્સના ડાયરેક્ટર બનાવ્યા છે. પૂર્વ ડેમોક્રેટિક તુલસીએ બાદમાં ટ્રમ્પને સપોર્ટ કર્યો હતો. આવામાં તેમની નિયુક્તિ એક મોટો નિર્ણય કહી શકાય. સેનામાં તૈનાત રહેલા તુલસી એક ડેમોક્રેટિક તરીકે ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પણ ઝંપલાવ્યું હતું. જો કે નિષ્ફળ રહ્યા. ૨૦૨૨માં તેમણે બાઈડેનની ડેમોક્રેટિક પાર્ટી છોડી દીધી અને ત્યારબાદ તેમણે ટ્રમ્પ માટે કેમ્પેઈનિંગ કર્યું. તેઓ જગજાહેર હિન્દુ ધર્મનું પાલન કરે છે અને મંચ પરથી રામ નામ પણ ભજે છે. વાત જાણે એમ છે કે તુલસી ગાબાર્ડના માતા હિન્દુ ધર્મનું પાલન કરે છે. જ્યારે પિતા સમોઆથી છે. હિન્દુ ધર્મ સાથે ગાઢ નાતો હોવાને કારણે જ તેમનું નામ તુલસી રાખવામાં આવ્યું. તેઓ સેનામાં હતા ત્યારે ઈરાકમાં તૈનાત રહ્યા હતા. સોશિયલ મીડિયા પર ઘણા સમયથી ચર્ચા હતી કે ટ્રમ્પની જીત બાદ તેમને મોટી જવાબદારી સોંપાઈ શકે છે. જાહેરાત બાદ તેમણે ટ્રમ્પનો આભાર પણ વ્યક્ત કર્યો. તુલસી ગાબાર્ડ માથા પર તિલક લગાવે છે અને હાલમાં ઈસ્કોન મંદિરના કાર્યક્રમમાં પણ સામેલ થયા હતા.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

આવો,
સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક

# બિરસા મુંડાજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ઉજવીએ





# જનજાતિય ગૌરવ દિવસ

## આદિજાતિ વિકાસમાં અગ્રેસર ગુજરાત

**પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન (PM-JANMAN) અને**
**ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA JGUA) અંતર્ગત**

**માનનીય વડાપ્રધાન**

## શ્રી નરેન્દ્રભાઈ મોદી

દેશના ૩૧ રાજ્ય–કેન્દ્રશાસિત પ્રદેશના ૧૦૦ જિલ્લાઓ સાથે વર્ચ્યુઅલી જોડાશે
અને લાભાર્થીઓ સાથે કરશે સીધો સંવાદ

**માનનીય રાજ્યપાલશ્રી**

**આચાર્ય દેવવ્રતજીની**

**અધ્યક્ષતામાં**

**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,

**સ્થળઃ** સ્વામિનારાયણ મંદિર, નેત્રંગ–ઝંખવાવ રોડ, તાલુકોઃ નેત્રંગ, જિલ્લોઃ ભરૂચ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

**તથા**

**રાજ્યકક્ષાનો કાર્યક્રમ**

**માનનીય મુખ્યમંત્રી**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની**

ગરિમામયી ઉપસ્થિતિમાં

**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,

**સ્થળઃ** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, તાલુકોઃ આહવા, જિલ્લોઃ ડાંગ ખાતે યોજાશે

**ભારત સરકારના આ કાર્યક્રમનું રાજ્યકક્ષા ઉપરાંત અન્ય ૧૦ જિલ્લાઓ**
**(વલસાડ, નવસારી, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, સાબરકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ)ના**
**૧૦ સ્થળો ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવશે**

**અતિથિ વિશેષ**

**ડૉ.કુબેરભાઈ ડીંડોર**
માન. મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ
ગુજરાત સરકાર

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માન. રાજ્યકક્ષાના મંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત સરકાર અને પ્રભારી મંત્રી, ડાંગ જિલ્લો

**શ્રી ધવલભાઈ પટેલ**
માન. દંડક, લોકસભા અને સંસદસભ્ય, વલસાડ–ડાંગ

**શ્રી વિજયભાઈ પટેલ**
માન. નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય, ડાંગ

**ગુજરાતમાં જનજાતિય સશક્તિકરણ થકી વિકસિત ભારતના નિર્માણને મળશે વેગ**